## સુવિચાર

આપતા પહેલાં એકવાર
વિચાર કરવો.
લેતા પહેલાં બે વાર અને
માંગતા પહેલા હજારવાર

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૫/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


# અમરેલી એક્સપ્રેસ


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ વૈશાખ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૨૯








## શાળાની વિદ્યાર્થીની સંજના સિધ્ધપુરાએ ૯૯.૯૧ પીઆર મેળવી એ–વન ગ્રેડ પ્રાપ્ત કર્યો

# અરે વાહ : બાબરાની પંચશીલ વિદ્યાલયનું ધો. ૧૦નું ઉજજવળ પરિણામ

**શાળાની વિદ્યાર્થીનીએ ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરી તાલુકામાં પ્રથમ અને બોર્ડમાં ૯મું સ્થાન પ્રાપ્ત કર્યુ**

**શાળાનાં ૩ વિદ્યાર્થીઓએ ૯૦ પ્લસ પી.આર. અને ૧૧ વિદ્યાર્થીઓએ ૮૦ પ્લસ પી.આર. મેળવ્યા**

**શાળાનાં ટ્રસ્ટીઓ અને શાળાનાં શિક્ષકોનાં માર્ગદર્શનતળે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠત્તમ સફળતા મળી**

**શાળાનાં ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, અરવિંદભાઈ ધોળકિયા અને મહેશભાઈ કોરાટે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી**

બાબરા, તા. ૧૩

બાબરામાં પંચશીલ વિદ્યાલયનું ધોરણ ૧૦નું ૯૩% જેટલું ઊંચું અને શાનદાર પરિણામ આવતા શાળા પરિવાર દ્વારા ખુશી વ્યકત કરવામાં આવી હતી તેમજ શાળાના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, અરવિંદભાઈ ધોળકિયા અને મહેશભાઈ કોરાટ દ્વારા શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થી ભાઈઓ–બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

શાળાની વિદ્યાર્થીની સિદ્ધપુરા સંજનાએ ધોરણ ૧૦ માં ૯૯.૯૧ પીઆર મેળવી એ–વન ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો તેમજ તાલુકામાં બીજું અને બોર્ડમાં નવમું સ્થાન પ્રાપ્ત કરી ગણિત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું.

ધોરણ ૧૦માં શાળાના ત્રણ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ૯૦ પ્લસ પીઆર મેળવ્યા હતા તેમજ ૧૧ જેટલા વિદ્યાર્થીઓએ ૮૦ પલ્સ પીઆઈ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. શાળાનુ શાનદાર પરિણામ આવતા શાળા પરિવાર દ્વારા ખુશી વ્યકત કરવામાં આવી હતી.

---


## સ્પર્ધાત્મક યુગમાં બેન્કનુ મકાન દયનીય સ્થિતિમાં

# ખાંભાની એસબીઆઈનું મકાન બિસ્માર બનતાં ગ્રાહકોમાં ફફડાટનો માહોલ

**ઉચ્ચ અધિકારીઓ મકાનનુ નવિનીકરણ કરાવે તેવી માંગ**

ખાંભા, તા. ૧૩

ખાંભા માં હાલ માત્ર એક જ રાષ્ટ્રકૃત બેન્ક એટલે એસબીઆઈ આવેલ છે આ એસબીઆઈ બે માળનું બિલ્ડીંગ માં આવેલ છે પરંતુ આ બિલ્ડીંગ હાલ જર્જરિત થઈ ગયેલ હોવાના કારણે ગમે ત્યારે સ્લેબ ના રવેશ માંથી ગાબડા પડી રહ્યા છે જયારે બીજી તરફ બે દિવસ પહેલા જ બહાર ની બાજુ આવેલ સ્લેબ ના રવેશ ના ભાગ માંથી જાહેર રસ્તા માં ગાબડા પડતા અહીં થી પસાર થતા રાહેદારીઓમાં ભય જોવા મળી રહ્યો છે ત્યારે આ જર્જરિત બિલ્ડીંગના કારણે કોઈ જાનહાની થશે તો જવાબદારી કોની એ વેધક સવાલ હાલ થઈ રહ્યો છે.



મળતી માહિતી પ્રમાણે ખાંભા ચલાલા હાઈવે નજીક જ એસ. બી. આઈ બેન્કની બ્રાન્ચ આવેલ છે આ બેન્ક હાલ ભાડા ના બિલ્ડીંગ માં વર્ષો થી કાર્યરત છે જયારે આ બિલ્ડીંગ બન્યા ને દસકા વીતી ગયા છે ત્યારે હાલ માં આ બેન્કના બિલ્ડીંગ દિવસે ને દિવસે બાંધકામ જર્જરિત થઈ રહ્યું છે અને તેના કારણે બેન્ક ના સ્લેબ માંથી ગાબડાં પડી રહ્યા છે બે દિવસ પહેલા શનિવાર ના રોજ બેન્કના બિલ્ડીંગના બહાર ના રવેશ ના સ્લેબમાંથી જાહેર માર્ગ પાર ગાબડા પડતા આજુબાજુના દુકાનદારો પણ બહાર નીકળી ગયા હતા ત્યારે સવાલ એ થાય રહ્યો છે કે આ જર્જરિત બિલ્ડીંગમાં બેન્કની કામગીરી શરૂ છે ગમે ત્યારે આ બિલ્ડીંગ ધારાશીય થાય અને જાનહાની થાય તો જવાબદારી કોની? હાલમાં ખેડૂતો ની ધિરાણ ની કામગીરી પૂરજોશ માં ચાલી રહી છે જયારે રૂટિન કામગીરી માટે આવતા વેપારીઓ તેમજ પેંશનરો, સખી મંડળો ના બેહનો, ઉપરાંત અન્ય બેન્ક ના ગ્રાહકો પોતના કામકાજ અર્થે આવે છે જયારે આ બિલ્ડીંગ માં તમામ ગ્રાહકો નું જીવ ના જોખમે ફરજ બજાવતા બેન્ક કર્મચારીઓ અધિકારીઓ આ જર્જરિત બિલ્ડીંગ ના ધરાશાઈ થવા ની ઘટના ની ઝપટમાં આવશે તો જવાબદાર કોન કે પાછી બેન્ક ના આ જર્જરિત બિલ્ડીંગ માં કોઈ જાનહાની થશે ત્યાર બાદ તંત્ર દ્વારા કાર્યવાહી કરવા માં આવશે કે કેમ તે પણ હાલ સવાલ થાય રહ્યો છે.

---

## માત્ર પ્રવાહી પી ને પ્રાર્થના કરી

# બાબરાની દિકરી વિશ્વાબેને સાડા 3 દિવસના ઉપવાસ કર્યા

**ભગવાન સૂર્યનારાયણની રંગોળી બનાવી**

બાબરા, તા. ૧૩

બાબરામાં રહેતા શિવરાજભાઈ ખાચરના દિકરી વિશ્વાબેન એ સાડા ત્રણ દિવસના ખાલી પ્રવાહી લઈને ઉપવાસ કર્યા હતા અને સાથે સાથે ભગવાન શ્રી સૂર્યનારાયણની રંગોળી પણ પોતે ઘરે પોતાના હાથે બનાવી હતી.



---

## સદ્‌નસીબે જાનહાની ટળતાં સૌ માં હાશકારાની લાગણી

# અમરેલીનાં જશવંતગઢ નજીક આવેલ ઓઈલ મીલમાં અચાનક આગ લાગતા અફડાતફડી

**ફાયર અધિકારીનાં માર્ગદર્શનતળે ફાયર ટીમ પહોંચી**





અમરેલી, તા. ૧૩

અમરેલીના જશવંતગઢ મુકામે આવેલ એક ઓઈલ મીલમાં આજે અચાનક કોઈ કારણોસર આગ લાગવાની ઘટના બનેલ હોય. આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર ૨ વોટર બાઉઝર સાથે પહોંચી અને પાણીનો મારો ચલાવી સંપૂર્ણપણે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થવા પામેલ નથી. જો કે આગના કારણે કેટલું નુકશાન થવા પામેલ છે તે જાણી શકાયું નથી. આ કામગીરીમા ફાયર વિભાગના હિંમતભાઈ બાંભણિયા, પ્રવીણભાઈ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત, કરણ ગઢવી, સાનિયા નિલેશભાઈ, ધર્મેશ જુવાદરીયા, યોગેશ કણસાગરા વગેરે જોડાયા હતા.

---

## એસીપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# દેરડી કુંભાજીથી કુંકાવાવ તરફ આવી રહેલ કારમાંથી વિદેશી દારૂની ૬૮૪ બોટલ ઝડપાઈ

**પોલીસે ૨ ઈસમોની અટકાયત કરી**

અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ રોજ તા.૧૨/૫ નાં રોજ વડીયા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરી દેરડી (કુંભાજી) ગામ તરફથી કુંકાવાવ તરફ આવતી હતી જે બાતમી આધારે વોચમાં હોય તે દરમિયાન હકિકત વાળી કાર આવતા તે કારને રોકી તેમાં બેસેલ



જયરાજ પ્રવિણભાઈ ધાધલ તથા રાજદીપ નિર્મળભાઈ બસીયા, (રહે. બંને ચાણપા, તા.ચોટીલા) વાળા બે ઈસમોને ભારતીય બનાવટની વિદેશી ભારતીય બનાવટની વિદેશી દારૂની ગ્રીન લેબલ વ્હીસ્કીની ૭૫૦એમ.એલ.ની બોટલ નંગ ૧૦૮, કિમત રૂ.૩૬,૭૨૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની વાઈટ લેસ વોટકાની ૧૮૦એમ.એલ.ની બોટલ નંગ – ૫૭૬ કિમત રૂપિયા ૫૦,૬૮૮ તથા ગોડફાધર બિયરના ૫૦૦ એમ.એલ.ના ટીન નંગ ૪૮ કિંમત રૂપિયા ૬,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા એક કાર નંબર જી.જે. ૦૧. ડબલ્યુજી ૦૦૫૨ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૧૩,૪૦૮નો મુદ્દામાલ દારૂ સાથે પકડી પાડવામાં આવેલ. પકડાયેલ આરોપી તથા વિદેશી દારૂનો જથ્થો તથા વાહન સહિતનો મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

## શ્રમિક પરિવારોને ઘરનું ગુજરાન ચલાવવુ મુશ્કેલ

# લ્યો બોલો : બગસરા પાલિકાના સફાઈ કામદારોને પાંચ મહિનાથી વેતન ન મળતાં દેકારો

**પાલિકાનાં શાસકો સફાઈ કામદારોની સમસ્યા નિવારવામાં નિષ્ફળ**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા પાલિકા દ્વારા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો છેલ્લા પાંચ મહિના વિતી ગયા છતાં પાલિકા દ્વારા પગારના કરતા અંતે રોષે ભરાયેલા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો જયભીમ અને પાલિકા હાયહાયના નારા સાથે સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કરેલ હતો અને આશરે ૫૦ જેટલા કામદારો દ્વારા પાલિકા કચેરી એ દોડી આવેલ હતા સાથે મહિલાઓ પણ અહીંયા દોડી આવેલ હતી અને પોતાની હૈયા વરાળ ઠાલવી હતી અને પાલિકા કચેરી એ હાથ જોડી ને પાલિકા પ્રમુખ પ્રતિનિધિ તરીકે તેમના પતિ એવી રિબડિયા ને પગાર ચૂકવવા કહેવામાં આવ્યું હતું.

જયારે પાલિકા દ્વારા ગયા વર્ષે ૬૧ ટકા જેટલો વેરો વસૂલ કરેલ છે ત્યારે બગસરા પાલિકા દ્વારા ૮૦ જેટલા રોજમદાર ને પોતાનું ઘર ચલાવવા પણ મુશ્કેલ બની રહેલ છે લોકો ને વ્યાજે નાણાં લય ને પોતાનું ઘર ચલાવવું પડે છે આટલા મોટા પ્રમાણમાં હાલાકી ભોગવવી પડે છે જયારે આ તમામ કામદારો ના બાળકો ને ભણાવવા પણ અને ફી ભરવા પણ રૂપિયા નથી જયારે આવા લોકો ને ભયંકર મુસીબત નો સામનો કરવો પડી રહેલ છે વેપારીઓ પણ હવે આ લોકો ને બાકી આપવાની ના પાડી રહેલ છે અને વીજ કંપનીનું બિલ પણ વ્યાજે નાણાં લય ને ભરવું પડે છે ત્યારે આ તમામ લોકો અંતે રોષે ભરાઈને પાલિકા કચેરીનો ઘેરાવ કરેલ હતો ત્યારે પાલિકા પ્રમુખ પ્રતિનિધિ તરીકે તેમના પતિ દ્વારા પાલિકા કચેરી દોડી આવી લોકો ને સમાધાન માટે ચર્ચા કરવામાં આવી હતી આ ચર્ચા માં પાલિકા પ્રમુખ પ્રતિનિધિ દ્વારા આ તમામ લોકો ને કહેવામાં આવ્યું કે આપના પગારની બે મહિનાની ગ્રાન્ટ આવી ગયેલ છે તો ચાર પાંચ દિવસમાં આપનો બે મહિનાનો પગાર થય જશે ત્યારે કામદારો દ્વારા પાલિકા પ્રમુખ પ્રતિનિધિ ને બે મહિનાનો પગાર નહિ ચલાવી લેવામાં આવે આ પગારમાં તો અમારા બાકી લેણા ચૂકવવામાં જ જતા રહે છે ત્યારે આમારો તમામ પગાર ચૂકવવો નહિ તો અમો કાલથી હડતાળ ઉપર ઉતરી જશું જયારે અમુક કામદારો દ્વારા આત્મવિલોપન કરવાની પણ ચીમકી આપી હતી ત્યારે પાલિકા પ્રમુખ પ્રતિનિધિ દ્વારા બે મહિનાની ગ્રાન્ટ આવી છે છતાં અમો ત્રણ મહિનાનો પગાર આપવા પ્રયાસો કરીશું પરંતુ પાલિકા બે મહિનાની ગ્રાન્ટ આવવા છતાં ત્રણ મહિનાનો પગાર ક્યાંથી ચૂકવશે આવા વેધક સવાલો ઉઠી રહેલ છે.

પાલિકા પ્રમુખ પ્રતિનિધિના કહેવા મુજબ પાલિકા પાસે હાલમાં ભંડોળ નથી પરંતુ સફાઈ કામદાર દ્વારા કહેવામાં આવ્યું કે જો પાલિકા પાસે ભંડોળ નથી તો પાલિકા ના ઉદ્‌ઘાટનમાં ૨૭૦૦૦ ના તો ફક ફુગ્ગા ફોડવામાં આવ્યા હતા જયારે પાલિકા દ્વારા આગલી ગ્રાન્ટ આવેલી હતી એ ગ્રાન્ટ સ્ટ્રીટ લાઈટમાં વાપરી નાખેલી હોવાના પણ આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા દિવાળી જેવા તહેવાર માં પણ પગાર થી વિહોણા રાખેલ કામદારો ને શું પાલિકાના સફાઈ કામદારો ને ખરેખર પગાર ચૂકવવામાં આવશે કે પછી ફકલોલીપોપ જ આપી રહેલ છે તેવા પણ વેધક સવાલો ઉઠી રહ્યાં છે.

---

## ગ્રામ્ય વિસ્તારની એક યુવતી દ્વારા

# બગસરાનાં ''આપ''ના અગ્રણીનાં પુત્ર વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

**પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

બગસરા, તા. ૧૩

બગસરામાં આમ આદમી પાર્ટીના આગેવાનના પુત્ર વિરોધ બળાત્કારના આરોપ સાથે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે પોલીસ દ્વારા પરિવારના ચાર સભ્યો વિરોધ ગુનો નોંધી તપાસ કરવામાં આવી રહી છે.

બગસરા નજીક આવેલા એક ગામની યુવતી દ્વારા આમ આદમી પાર્ટી ના આગેવાનના પુત્ર હરેશભાઈ વિઢદ્ધ છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન અવાર–નવાર તેમજ ૨૦ દિવસ પહેલા કારમાં આવી છરી બતાવી નવા ઝાંઝરીયા થી લઈ જઈ રસ્તામાં તથા અલગ અલગ સ્થળો એ બળાત્કાર કરવામાં આવ્યા બાબતની ફરિયાદ બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ છે. આ ફરિયાદમાં પરિવારના અન્ય ત્રણ સભ્યો વિરૂધ્ધ પણ ગુનો દાખલ કરવામાં આવેલ છે જેમાં કાંતિભાઈ શંભુભાઈ તેમના બીજા પુત્ર ભાવિન કાંતિભાઈ તથા પુત્રવધુ વૈશાલીબેન હરેશભાઈ એ ફરિયાદી મહિલાની સગાઈ તોડાવી તેમજ અવાર નવાર ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ થયેલ છે. આ ફરિયાદને પગલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## લીલીયા પ્રગતિ સેવિંગ્ઝ કો.ઓ. સોસાયટીનાં ચેરમેન ભાવેશ રાદડીયા અને અભિવાદન સમિતિ દ્વારા

# અમરેલી ખાતે દિલીપ સંઘાણીનો દબદબાભેર અભિવાદન સમારોહ યોજાયો

ઈફકોનાં ચેરમેન બનતા અને ૭૧માં જન્મ દિન નિમિત્તે પૂર્વ નાયબ મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં અભિવાદન સમારોહ યોજાયો

જુદી-જુદી સેવાકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા પણ દિલીપ સંઘાણીનું અભિવાદન કરાયું

ઉપસ્થિત રાજકીય અને સામાજિક આગેવાનોએ દિલીપ સંઘાણીની કાર્યશૈલીની ભરપૂર પ્રશંસા કરી

સાંસદ કાછડીયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા



લીલીયા, તા. ૧૩

અમરેલી ખાતે લીલીયા પ્રગતિ સેવિંગ્ઝ કો.ઓ. સોસાયટીનાં ચેરમેન ભાવેશભાઈ રાદડીયા અને અમરેલી જિલ્લા અભિવાદન સમિતિનાં કન્વીનર ડો. ભરતભાઈ કાનાબારનાં સંયુકત ઉપક્રમે અમરેલીનાં પનોતા પુત્ર, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં ૭૧માં જન્મ દિવસની ઉજવણી નિમિત્તે સાત પગલા આકાશમાં અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમનાં પ્રારંભે પ્રગતિ સેવિંગ્ઝ કો.ઓ. સોસાયટીનાં ચરમેન ભાવેશભાઈ રાદડીયાએ ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું શાબ્દીક સન્માન કરી સૌને આવકાર્યા હતા અને સમગ્ર સમારોહની રૂપરેખા આપી હતી. ત્યારબાદ ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, કેન્દ્રીય મંત્રી પરશોતમ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. ફળદુ, ધારાસભ્ય જયેશ રાદડીયા સહિતનાં મહાનુભાવોનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી સમારોહ ખુલ્લો મુકવામાં આવેલ. ત્યારબાદ અભિવાદન સમારોહના કન્વીનર ડો. ભરતભાઈ કાનાબારે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીને અર્પણ કરવામાં આવનાર સન્માનપત્રનું વાંચન કરી ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દીક અભિવાદન કરેલ. ત્યારબાદ ભાવેશભાઈ રાદડીયા અને ડો. ભરતભાઈ કાનાબારે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનું પુષ્પહાર, મોમેન્ટો, સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરેલ. ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી સન્માનીત કરેલ. ત્યારબાદ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય મંત્રી પરશોતમ રૂપાલા, પૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ આર.સી. ફળદુ, ધારાસભ્ય જયેશ રાદડીયાએ પોતાનાં પ્રાસંગીક પ્રવચનમાં ઈફકોનાં ચરમેન દિલીપ સંઘાણીનાં ૭૧માં જન્મ દિવસની શુભેચ્છા આપી તેમની રાજકીય અને સહકારી જગતમાં કરેલી કામગીરી રાજય અને દેશનાં છેવાડાનાં વિસ્તાર સુધી મહત્વની બની રહી છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ અમરેલી જિલ્લાની ૧૦૧ વિવિધ સંસ્થાઓ ધ્વારા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં ૭૧માં જન્મ દિવસની ઉજવણી નિમિત્તે પુષ્પગુચ્છ, મોમેન્ટો, સ્મૃતિ ચિત્ર સહિતની ભેટ અર્પણ કરી સન્માનીત કરેલ.

આ પ્રસંગે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ આયોજન સમિતિનાં ભાવેશ રાદડીયા, ડો. ભરત કાનાબાર સહિત વિવિધ સંસ્થાના અગ્રણી આગેવાનોનો આભાર વ્યકત કરી જણાવ્યું હતું કે, જિલ્લાથી લઈ દેશનાં છેવાડાનાં વિસ્તાર સુધી ઈફકો સહિતની સહકારી સંસ્થાઓ કૃષિ અને ખેડૂતલક્ષી વિવિધ યોજના તરફ આગળ વધી રહી છે જેનો સીધો ફાયદો ખેડૂતોને થશે.

આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી, ઠાકરશીભાઈ મેતલીયા, સહકારી આગેવાન અશ્વિનભાઈ સાવલીયા, શરદ લાખાણી, દિનેશ પોપટ, જીતુભાઈ ડેર, ભૂપેન્દ્ર બસીયા, રામ સાનેપરા, અરૂણ પટેલ, મુકેશ સંઘાણી, હિરેન હિરપરા સહિતનાં રાજકીય, સહકારી અને વિવિધ સંગઠનનાં હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

સમગ્ર સમારોહ સફળ બનાવવા ભાવેશભાઈ રાદડીયા અને ડો. ભરતભાઈ કાનાબારનાં માર્ગદર્શન તળે પ્રકાશભાઈ વિરાણી, વિપુલભાઈ દુધાત, આર.બી. પટેલ, તુષાર ધોરાજીયા, ભનુભાઈ ડાભી, ભરતભાઈ ગરાણીયા સહિત અભિવાદન સમારોહ સમિતિનાં હોદેદારોએ જહેમત ઉઠાવી હતી. તેમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-

દમદાર માઈલેજ
જોરદાર કમ્ફર્ટ
શાનદાર સ્ટાઈલ
વ્યાજબી ભાવ
ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઈઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

શિવ ફરસાણ
(ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હજરમાં મશળે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER

Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

જગ્યા ભાડે આપવાની છે
બેંક, હોસ્પિટલ, ટ્યુશન કલાસિસ માટે પહેલા માળે ૬ રૂમ વાળી વિશાળ જગ્યા ભાડેથી આપવાની છે.
અશોકભાઈ હિંમતલાલ જોષી
પટેલ વાડી ગેઈટ સામે, અમરેલી રોડ, ધારી.
સંપર્ક નંબર : ૯૪૨૬૨ ૭૯૬૮૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
lord of the streets

Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
Symphony
0% ફાઈનાન્સ
Kenstar Air Coolers

BLUE STAR DAIKIN HITACHI GENERAL IFB Cruise VOLTAS Whirlpool LG BPL
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેકટ્રોનિકસ
શોપ નં.૮, સુધરાઇ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo.78020 42200 / 94267 61717

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :

| ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.૧૦ P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિઝીટ લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૯૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

### રાયબરેલીની ચૂંટણી સભામાં મંચથી કરી જાહેરાત

# ટૂંક જ સમયમાં લગ્ન કરશે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી

## મારી બંને માતાની કર્મભૂમિ છે રાયબરેલી : રાહુલ ગાંધી

રાયબરેલી, તા.૧૩

રાયબરેલી લોકસભા બેઠકથી કોંગ્રેસ ઉમેદવાર રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહા સચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલી પહોંચ્યા છે.

આ દરમિયાન આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીમાં રેલી કરી. તેમની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હાજર હતા. આ દરમિયાન સભાથી રાહુલ ગાંધી લગ્નને લઈને સવાલ પૂછાયા, જેના પર તેમણે જણાવ્યું કે તેઓ ક્યારે લગ્ન કરશે.

ચૂંટણી રેલી દરમિયાન એક બાળકે રાહુલ ગાંધીથી તેમના લગ્નને લઈને સવાલ કરાયો હતો. આ સવાલનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હવે લાગે છે કે ટૂંક સમયમાં જ કરવા પડશે.' ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે રાયબરેલીમાં ઘર-ઘર ચૂંટણી અભિયાન કર્યું. આ દરમિયાન તેઓ ઘર-ઘર જઈને લોકોને મળી રહ્યા છે.કોંગ્રેસ નેતા અને રાયબરેલી લોકસભા બેઠકના ઉમેદવાર રાહુલ ગાંધીએ જનસભામાં રાયબરેલીથી ચૂંટણી લડવાનું કારણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'કેટલાક દિવસો પહેલા હું મા (સોનિયા ગાંધી)ની સાથે બેઠો હતો. મેં માને કહ્યું કે એક બે વર્ષ પહેલા મેં એક વીડિયોમાં કહી દીધું કે મારી બે માતા હતી એક સોનિયા ગાંધી અને બીજા ઈન્દિરા ગાંધી.

બંને માતાની આ કર્મભૂમિ છે, એટલા માટે હું રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યો છું.'

જણાવી દઈએ કે, આ વખતે રાહુલ ગાંધી અમેઠીથી નહીં પરંતુ રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યા છે. જ્યાં તેમની ટક્કર ભાજપના દિનેશ પ્રતાપ સિંહ સાથે છે. આ પહેલા સોનિયા ગાંધી રાયબરેલીથી સાંસદ રહી ચૂક્યા છે.

### AAP કોર્પોરેટરોને કેજરીવાલનું સંબોધન

# મારી ધરપકડ બાદ ભાજપે મને તોડવાના લાખો પ્રયાસો કર્યા

## જો ચૂંટણી પરીણામો બાદ INDIA ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચ જૂને તિહાર જેલમાંથી બહાર આવી જઈશ : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીની લિકર પોલિસીમાં કથિત મની લોન્ડ્રિંગના કેસમાં વચગાળાના જામીન પર બહાર આવેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'જો ચૂંટણી પરીણામો જાહેર થયા બાદ INDIA ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચ જૂને તિહાર જેલમાંથી બહાર આવી જઈશ.

કેજરીવાલે કોર્પોરેટરોને સંબોધતા આક્ષેપ કર્યો કે, 'તિહાર જેલમાં ન્યાયિક કસ્ટડી દરમિયાન મને તોડવાનો અને અપમાનિત કરવાનો પ્રયાસ કરાયો હતો. મને જેલમાં જે સેલમાં રખાયો હતો, તેમાં બે સીસીટીવી કેમેરા લગાવાયા હતા અને મારી ગતિવિધિઓ પર ૧૩ અધિકારીઓ દ્વારા દેખરેખ રખાતી હતી.' તેમણે દાવો કર્યો કે, જેલમાં લગાવાયેલા સીસીટીવીની ફીડ વડાપ્રધાનના કાર્યાલયને પણ ઉપલબ્ધ કરાવાઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મારા પર નજર રાખી રહ્યા હતા. મને ખબર નથી કે વડાપ્રધાનને મારી સાથે શું ફરિયાદ છે.

તેમણે વધુમાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના નેતાઓ લોકોને સન્માન અને પ્રેમ આપે છે અને અમારા કામના કારણે જ ભાજપ અમારાથી ડરે છે. તેમણે કોર્પોરેટરોને કહ્યું કે, બીજી જૂને હું ફરી જેલમાં જઈશ. હું જેલની અંદર બેસી ચોથી જૂનના પરિણામો જોઈશ. જો ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે તો હું પાંચમી જૂને જેલમાંથી બહાર આવીશ.

દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે, 'મારી ધરપકડ કરાયા બાદ ભાજપે મને તોડવાના લાખો પ્રયાસો કર્યા છે, પરંતુ આમ આદમી પાર્ટી તૂટવાના બદલે વધુ મજબૂત અને એક થઈ રહી છે. મારા ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો અને મિત્રોનું મને આમંત્રણ મળ્યું છે કે, તમે અહીં આવીને પણ પ્રચાર કરો. હું આગામી ૨૧ દિવસમાં જ્યાં પણ શક્ય હશે ત્યાં જઈશ અને ભાજપને હરાવવા પ્રચાર કરીશ. તમે લોકો હવે સખત મહેનત કરો. મારે બીજી જૂને પાછા જેલમાં જવું પડશે, પરંતુ જો તમે લોકો ૪ જૂને ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનાવશો તો હું ૫મી જૂને બહાર આવીશ.'

### મુસ્લિમ મહિલાઓના બુરખા ઉઠાવીને કર્યું હતું ચેકિંગ

# ભાજપના ઉમેદવાર માધવી લતા ઉપર નોંધાઈ પોલીસ ફરિયાદ

## લતાની સામે આઈપીસીની કલમ ૧૭૧સી, ૧૮૬, ૫૦૫(૧)(સી) અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩૨ હેઠળ કેસ નોંધાયો

હૈદરાબાદ, તા.૧૩

હૈદરાબાદ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર માધવી લતાએ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓના બુરખા ઉઠાવીને ચેક કરતા વિવાદ થયો છે. આ કેસમાં તેમની સામે માલકપેટ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. લતાની સામે આઈપીસીની કલમ ૧૭૧સી, ૧૮૬, ૫૦૫(૧)(સી) અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩૨ હેઠળ કેસ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે માધવી લતાનો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓની તપાસ કરતા દેખાઈ રહ્યાં છે.

વીડિયોમાં જોવા મળી રહ્યું છે. માધવી લતા મતદાન કેન્દ્રની અંદર મુસ્લિમ મહિલાઓને બુરખો હટાવવા માટે કહી રહી છે અને તેમની ઓળખ પત્રની તપાસ કરતા જોવા મળી રહી છે. એટલું જ નહીં તેઓ મહિલાઓને પોતાની ઓળખ બતાવવા પણ કહી રહ્યા છે. આ મામલે માધવી લતાએ કહ્યું કે મેં મુસ્લિમ મહિલાઓને પોતાની ઓળખ વેરિફાય કરવા માટે વિનંતી કરી હતી અને આવું કરવું કોઈ ખોટું કામ નથી. હું ચૂંટણીમાં ઉમેદવાર છું અને કાયદાકીય રીતે ફેસમાસ્ક પહેરેલા મતદારોના ઓળખ પત્રની તપાસ કરવાનો એક ઉમેદવારને પુરો અધિકાર છે. હું કોઈ પુરુષ નથી, હું એક મહિલા છું. મેં તે મહિલાઓને ઓળખ બતાવવા માટે સંપૂર્ણ વિનમ્રતા સાથે વિનંતી કરી હતી. મેં તેમને કહ્યું હતું કે, શું હું પ્લીઝ તમારી આઈડી કાર્ડ જોઈ શકું છું? જો કેટલાક લોકો આ વાતને મોટો મુદ્દો બનાવવા માંગે છે, તો તેનો અર્થ એ છે કે, તેઓ ડરી ગયા છે. જોકે હાલ આ મુદ્દે હૈદરાબાદમાં ચર્ચા ચાલી રહી છે.

### સુપ્રીમ કોર્ટમાં હેમંત સોરેનની દલીલ

# સીએમ અરવિંદ કેજરીવાલની જેમ મને પણ જામીન મળે

## સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને જમીન કૌભાંડ કેસમાં ૧૭ મે સુધીમાં જવાબ રજૂ કરવા આપ્યો સમય

નવી દિલ્હી, તા.૧૩

જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ સામે ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની અરજી પર સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને ૧૭ મે સુધીમાં જવાબ આપવા જણાવ્યું હતું. કોર્ટમાં હેમંત સોરેન વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે અરવિંદ કેજરીવાલને પ્રચાર માટે આપવામાં આવેલા જામીનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, 'મારો કેસ પણ અરવિંદ કેજરીવાલ જેવો છે, મને ચૂંટણી પ્રચાર માટે જામીનની જરૂર છે. દલીલો સાંભળ્યા બાદ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની ખંડપીઠે ED પાસેથી જવાબ માંગ્યો હતો.

અગાઉ ઝારખંડ હાઈકોર્ટે ધરપકડ સામે હેમંત સોરેનની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટના ૩ મેના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સોરેને તેમની ધરપકડ સામેની અરજી પર કોર્ટ નિર્ણય ન લે ત્યાં સુધી લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે વચગાળાના જામીન પણ માંગ્યા હતા. ૧૦ મેના રોજ, સુપ્રીમ કોર્ટે સોરેનની અરજીનો નિકાલ કર્યો હતો જેમાં તેણે મની લોન્ડરિંગના કેસમાં તેની ધરપકડ સામેની તેમની અરજી પર ચુકાદો જાહેર કરવા માટે હાઈકોર્ટને નિર્દેશ આપવાની માંગ કરી હતી. ખંડપીઠે કહ્યું કે આ અરજી નકામી બની ગઈ છે કારણ કે હાઈકોર્ટ તેનો ચુકાદો આપી ચૂકી છે.

ઝારખંડના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ ૩૧ જાન્યુઆરીએ ઈડી દ્વારા સોરેનની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તે રાંચીની બિરસા મુંડા સેન્ટ્રલ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં બંધ છે. ઈડીએ આરોપ લગાવ્યો છે કે સોરેને કરોડો રૂપિયાની જમીન હસ્તગત કરવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને 'ડમી' વેચાણકર્તાઓ અને ખરીદદારોને બતાવીને સત્તાવાર રેકોર્ડમાં છેડછાડ કરીને "મોટી ગુનાહિત કમાણી" કરી હતી.

### ઘરનું ઘર લેવાની છેલ્લી તક

# ગરીબ આવાસ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવાઈ

## આવાસ મેળવવા ૧૭ મે સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

અમદાવાદ, તા.૧૩

શું તમે પણ સરકારી સહાયથી પોતાના ઘરનું ઘર ખરીદવા માંગો છો? ફોર્મ ભરવાનું બાકી છે? તો હવે ઉતાવળ કરજો, ફોર્મ ભરવાની તારીખો તમારા માટે સરકાર દ્વારા લંબાવાઈ છે. જે લોકો કોઈ કારણસર ફોર્મ નથી ભરી શક્યા એવા લોકોને પણ સરકારી આવાસનો લાભ મળી શકે તે આશયથી ગરીબ આવાસ માટેના ફોર્મ ભરવાની તારીખો લંબાવાઈ છે. જાણો કઈ તારીખ સુધીમાં ફોર્મ ભરી દેવાનું રહેશે. પીએમ આવાસ યોજના હેઠળ સમાજના ગરીબ અને અત્યંત મધ્યમ વર્ગીય પરિવારો માટે સરકાર બનાવી રહી છે ઘર. તમે પણ આ યોજનાનું ફોર્મ ભરીને તમારા સપનાનું ઘર મેળવી શકો છો. જોકે, તેમાં ફોર્મ ભર્યાના થોડા સમય બાદ સરકાર દ્વારા નિયમાનુસાર ડ્રો કરવામાં આવે છે. જેનો નંબર લાગે એને આવાસ એલોટ કરવામાં આવે છે. તેના માટે તમારે આવકનું પ્રમાણ પત્ર આપવાનું હોય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઈડબ્લ્યુએસ આવાસ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત ચાર દિવસ લંબાવવામાં આવી છે. આવાસ મેળવવા માટે ૧૭ મે સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. અધિકારીએ જણાવ્યું કે, મ્યુનિ. વેબસાઈટના મેન્ટેનન્સનું કા નુકા કામ ચાલતું હોવાથી ૪ દિવસ સર્વર ડાઉન રહેતા લોકોને ફોર્મ ભરવામાં મુશ્કેલી પડી હતી. અગાઉ અરજી કરવાની છેલ્લી તારીખ ૧૩ મે હતી. નરોડા મુઠિયામાં ૪૦૦, નરોડા-હંસપુરામાં ૨૫૫ અને ગોતા ખાતે ૪૦૦ આવાસ બનાવવામાં આવી રહ્યા છે. આ માટે ૧૫ માર્ચથી ઓનલાઈન અરજી મગાવાઈ હતી. અત્યાર સુધીમાં કુલ ૭૩,૮૦૦થી વધુ અરજી આવી છે. ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટથી આવાસોનું બાંધકામ કરાઈ રહ્યું છે. આવાસોમાં સોલાર પેનલ હશે. લાભાર્થીઓની પસંદગી કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોથી કરાશે.

### દિલ્હી પોલીસ પહોંચી સીએમ આવાસ

# કેજરીવાલના PA એ મને માર માર્યો : સ્વાતિ માલીવાલ

## માલીવાલે બિભવ કુમાર પર મારપીટનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી, તા.૧૩

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર સનસનીખેજ આરોપ લગાવ્યો છે. દિલ્હી પોલીસના સૂત્રો પાસેથી આ મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રોનું કહેવું છે કે સવારે ૧૦ વાગ્યે માલીવાલના નામે પોલીસને કોલ આવ્યો હતો. આ કોલ સ્વાતિના નંબર પરથી આવ્યો હતો. માલીવાલે કેજરીવાલના પીએ બિભવ કુમાર પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. જોકે, પોલીસનું કહેવું છે કે ફોન કર્યા બાદ જ્યારે પીસીઆર ત્યાં ગઈ ત્યારે તે સ્થળ પર મળી ન હતી.

દિલ્હી પોલીસે પુષ્ટિ કરી છે કે કોલ માલીવાલના મોબાઈલ નંબર પરથી આવ્યો હતો. તેના નંબર પરથી પીસીઆર પર બે વખત કોલ આવ્યો હતો. માલીવાલ સિવિલ લાઈન પોલીસ સ્ટેશન ગયા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં સ્વાતિને માર મારવામાં આવ્યો ત્યારે કેજરીવાલ ઘરે જ હતા. દિલ્હી પોલીસે આ સમગ્ર મામલાની તપાસ શરૂ કરી છે. તમને જણાવી દઈએ કે કેજરીવાલ પર તેમની પાર્ટીના એક મોટા નેતા દ્વારા આ મોટો આરોપ છે. ખાસ વાત એ છે કે રાજ્યસભાના સભ્ય બન્યા બાદ માલીવાલ પાર્ટીમાં બહુ સક્રિય દેખાતા નથી. આબકારી નીતિ કૌભાંડ કેસમાં પણ તેમનું મૌન ચર્ચાનો વિષય હતું પરંતુ હવે તેમના હુમલાના દાવા પછી ભૂતપૂર્વ PA માટે સમસ્યા ઊભી થઈ શકે છે. એવા પણ સમાચાર છે કે મામલાની ગંભીરતાને જોતા દિલ્હી પોલીસ કેજરીવાલના ઘરે પહોંચી છે. સૂત્રોનું કહેવું છે કે કેજરીવાલના ઘરે સ્વાતિ અને પીએ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના નેતા કપિલ મિશ્રાએ પ્રતિક્રિયા આપી છે. કપિલે X પર ઘણા પ્રશ્નો પૂછ્યા. તેમણે પૂછ્યું કે સ્વાતિએ આજે ??સવારે કેજરીવાલના ઘરે પોલીસ કેમ બોલાવવી પડી? શું કેજરીવાલના પીએ વિભવે સ્વાતિ માલીવાલને માર માર્યો હતો? શું મુખ્યમંત્રી કાર્યાલય કોઈ સ્પષ્ટતા આપશે? ભગવાન આપે કે મુખ્યમંત્રી ગૃહમાં મહિલા રાજ્યસભા સાંસદને માર મારવાના સમાચાર ખોટા છે.માલીવાલનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ગાઝિયાબાદમાં થયો હતો. એમિટી ઈન્ટરનેશનલ સ્કૂલમાં તેમનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે જેએસએસ એકેડેમી ઑફ ટેકનિકલ એજ્યુકેશનમાંથી આઈટીમાં સ્નાતકની ડિગ્રી મેળવી. ૨૧ વર્ષની ઉંમરે, તેણીએ તેની કોર્પોરેટ કારકિર્દી છોડી દીધી અને 'પરિવર્તન' નામની સામાજિક સંસ્થામાં જોડાઈ. આ પછી, તે અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ 'ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન'નો ભાગ બની અને કેજરીવાલની કોર ટીમમાં જોડાઈ. સ્વાતિ માલીવાલના લગ્ન નવીન જયહિંદ સાથે થયા હતા પરંતુ બંનેએ ૨૦૨૦માં છૂટાછેડા લીધા હતા.

### શેરબજારમાં કડાકા મુદ્દે અમિત શાહનું મોટું નિવેદન

# ૪ જૂન પહેલા શેર ખરીદી લેજો, પછી જોરદાર તેજી થશે!

## શેરબજારમાં ચાલી રહેલ કડાકા અંગે કહ્યું છે કે તે અફવાઓને કારણે છે, તેને લોકસભાની ચૂંટણી સાથે ન જોડવી જોઈએ

નવી દિલ્હી, તા.૧૩

છેલ્લા કેટલાક દિવસોથી શેરબજારમાં મંદી ચાલી રહી છે અને સેન્સેક્સ-નિફ્ટીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવારે ખુલતાની સાથે જ શેરબજાર તૂટ્યું હતું. સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જ્યારે નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. આવી સ્થિતિમાં સવાલો ઉઠી રહ્યા છે કે શું બજારના વિઘટન પાછળ ચૂંટણી સાથે કોઈ સંબંધ છે? આ અંગે દેશના ગૃહમંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે અને કહ્યું છે કે શેરબજારમાં ચાલી રહેલા ઘટાડાને ચૂંટણી સાથે ન જોડવો જોઈએ. એક ઈન્ટરવ્યુ દરમિયાન, ગૃહ પ્રધાન અમિત શાહે શેરબજારમાં ચાલી રહેલા ઘટાડા વિશે વાત કરી હતીતેમણે કહ્યું કે ૪ જૂન, ૨૦૨૪ પછી શેરબજાર વધવા જઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે, મતદાનના તમામ સાત તબક્કાઓ બાદ ૪ જૂને પરિણામ જાહેર કરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહે શેરબજારમાં ચાલી રહેલી ઉથલપાથલ પાછળ તમામ પ્રકારની અફવાઓને જવાબદાર ગણાવી છે. તેમણે કહ્યું છે કે શેરબજારમાં ઘટાડાને ચૂંટણી સાથે જોડી શકાય નહીં. ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું કે આ પહેલીવાર નથી કે જ્યારે શેરબજાર તૂટ્યું હોય. આ પહેલા પણ શેરબજાર ૧૬ વખત ગગડી ચૂક્યું છે, તેથી તેને ચૂંટણી સાથે ન જોડવું જોઈએ. તેમણે કહ્યું કે આ અફવાઓને કારણે થયું છે, તેથી ૪ જૂન પહેલા તમારી ખરીદી કરો, કારણ કે બજાર વધવા જઈ રહ્યું છે. બજાર વધવાની આગાહી કરતા અમિત શાહે તેની પાછળનું કારણ પણ જણાવ્યું છે. તેમણે કહ્યું કે જ્યારે પણ દેશમાં સ્થિર સરકાર આવે છે ત્યારે બજારમાં તેજી જોવા મળે છે અને અમારી સીટો ૪૦૦ને વટાવી જતી હોય છે, ત્યારે મોદી સરકાર આવશે અને માર્કેટમાં પણ તેજી જોવા મળશે.

### વલસાડમાં તોફાની પવન સાથે કરા પડ્યા

# ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વરસાદ વરસ્યો

## ભાવનગરના સિહોર તાલુકાના ગામોમાં કરા સાથે વરસ્યો વરસાદ : અંબાજીમાં હળવા વરસાદની શરૂઆત થઈ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં આગાહી મુજબ ગાજવીજ સાથે વરસાદ આવ્યો છે. ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વરસાદ વરસ્યો છે. તેમાં પણ વલસાડમાં મિની વાવાઝોડા સાથે કરા પડ્યા, તો અંબાજીમાં ધોધમાર વરસાદ વરસ્યો. વલસાડમાં તોફાની પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા, તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાઈ થવાની ઘટના બની છે. ત્યારે આજે ક્યાં ક્યાં વરસાદ રહ્યો તે જોઈએ.

રાજ્યના પડોશમાં આવેલ સંઘપ્રદેશમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે. દાદરા નગર હવેલીના વાતાવરણમાં પલટો આવ્યો. સેલવાસના ખાનવેલ અને ખેડપા સહિતના વિસ્તારોમાં વરસાદ કરા સાથે વરસાદ આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ પણ વરસાદની શક્યતા છે. અંબાજી પંથકના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. બપોર બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. તો સાથે જ હળવા વરસાદની શરૂઆત થઈ હતી. ગરમીના ભારે ઉકળાટ બાદ વરસાદી મહોલ જોવા મળ્યો છે. વરસાદનાં હળવા છાંટા, વાતાવરણમાં આંશિક રાહત થઈ છે. હજી પણ આકાશમાં વાદળો ગરજી રહ્યા છે. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં પવન સાથે વરસાદ જોવા મળ્યો. કપરાડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં બરફના કરા પડ્યા છે. પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાયી થયા છે. કમોસમી વરસાદ અને બરફના કળાના કારણે કેરીના પાકને નુકસાનની ભીતિ છે. ૧૪ મે અમદાવાદ આણંદ સુરેન્દ્રનગર રાજકોટ બોટાદ અમરેલી ગીર સોમનાથ ભાવનગર ભરૂચ સુરતમાં અમુક સ્થળોમાં ગાજવીજ સાથે છૂટા છવાયા વરસાદની આગાહી છે. ૧૫ મે બનાસકાંઠા ગીર સોમનાથમાં ગાજબીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી છે. ૧૬ મે માત્ર બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

જાણકારી અનુસાર, ભાવનગરના સિહોર તાલુકાના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સિહોર તાલુકાના બોરડી, ટાણા, જાંબાળા, કાજાવદર સહિતના ગામોમાં કરા સાથે વરસાદ વરસ્યો હતો. સણોસરા, ઈશ્વરીયા, આબલા સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

કરા સાથે વરસાદથી પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. ગાજવીજ સાથે વરસાદ શરૂ થતા ખેડૂતો ચિંતિત થયા હતા.

ગુજરાતમાં આજથી અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે, તો અનેક જિલ્લામાં કાળઝાળ ગરમી. રાજ્યમાં આવો વરસાદી માહોલ આગામી ચાર દિવસ અનેક જિલ્લાઓમાં જોવા મળશે. આજે અરવલ્લી મહીસાગર દાહોદ સુરેન્દ્રનગર રાજકોટ વલસાડ ડાંગ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે છુટા છવાયા વરસાદની આગાહી છે. પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકે ફુંકાશે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે વરસાદી માહોલ રહેશે. બે દિવસ બાદ ફરી એક વખત તાપમાનમાં વધારો થશે. બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થશે. તો અમદાવાદમાં આવતીકાલે અમુક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આજે ગુજરાતના હવામાન અંગેની આગાહી આપી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, નોર્થ વેસ્ટ મધ્યપ્રદેશ પર સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. તેના કારણે આજે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી છે.

મોસમ વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં હજુ ચાર દિવસ વરસાદી માહોલ રહેશે. આજથી ૧૬મી મે સુધી ગુજરાતમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થઈ શકે છે.

### કોંગ્રેસના આરોપો પર બોલ્યા વડાપ્રધાન

# બંધારણ સાથે છેડછાડ હમેશા કોંગ્રેસ પરિવારે કરી છે : મોદી

## નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ હંમેશા બંધારણ સાથે દગો કરતા આવ્યા છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૩

બંધારણ બદલવાના વિપક્ષના તમામ આરોપો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પલટવાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ હંમેશા બંધારણ સાથે દગો કરતા આવ્યા છે અને અત્યાર સુધી આ પરિવારે બંધારણમાં ફેરફાર કર્યા છે. પીએમએ કહ્યુ કે બંધારણ બન્યા બાદ સૌપ્રથમવાર પંડિત નહેરૂએ તેમા સંશોધન કર્યુ અને ફ્રીડમ ઓફ સ્પીચને રિસ્ટ્રીક્ટ કર્યુ. પીએમ મોદીએ કહ્યુ કે તેમની દીકરી ઈન્દિરા વડાપ્રધાન બની તો તેમણે ઈમરજન્સી લગાવી દીધી. કોર્ટના જજમેન્ટનો પણ અનાદર કર્યો. બંધારણની સાથે છળ તેમણે કર્યુ.

પીએમ મોદીએ વધુમાં ઉમેર્યુ કે તેમના બાદ તેમના પુત્ર રાજીવ ગાંધી સત્તામાં આવ્યા. તેમણે ભારતના મીડિયાને નિયંત્રિત કરવા માટે એક બિલ લાવ્યું. દેશના મીડિયા અને વિપક્ષે હોબાળો મચાવ્યો ત્યારે તેમનો બચાવ થયો, પરંતુ પછી તેઓ બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ ગયા. રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે સરકાર બંધારણના ગર્ભમાંથી જન્મે છે. સરકારની કેબિનેટ હવામાં નથી હોતી. તે બંધારણને અનુરૂપ હોય છે. રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને મનમોહન સિંહની કેબિનેટના નિર્ણય પર શું કર્યુ હતુ?

પીએમ મોદીએ કહ્યું કે એ સમયે રાહુલ ગાંધી કાગળ નહોંતા ફાડી રહ્યા, તેઓ ભારતના બંધારણના ટુકડા કરી રહ્યા હતા. તે બાબા સાહેબની પીઠમાં છરો મારી રહ્યો હતો. તે બંધારણ ઘડનારાઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી રહ્યા હતા.પીએમએ કહ્યું કે તેમના પરિવારના દરેક વડાએ બંધારણ સાથે ગેરવર્તન કર્યું છે. તેઓ બંધારણ શબ્દ બોલે તો પણ પાપ સમાન લાગે છે. અનામત અંગે પીએમ મોદીએ કહ્યું કે જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીનો સવાલ છે, અમે ધર્મના આધારે અનામત નહીં આપીએ. ન તો થવા દઈશુ.

તેમણે કહ્યું કે બંધારણે એસસી, એસટી, ઓબીસીને અનામત આપેલી છે. અમે બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ આવું થવા દઈશું નહીં. પીએમ મોદીએ કહ્યું કે બંધારણ સભાની લાગણી હતી કે તેઓ કોઈ પણ સંજોગોમાં ધર્મના આધારે અનામત સ્વીકારશે નહીં. બાબા સાહેબનું માનવું હતું કે બંધારણમાં ધર્મના આધારે અનામત આપી શકાય નહીં. પીએમએ કહ્યું કે બાબા સાહેબે જે કહ્યું છે, બંધારણ સભાએ જે કહ્યું છે તેના પ્રતિ અમારી આસ્થા છે. અમે તેને જાળવી રાખવા માટે મહેનત કરી રહ્યા છીએ. આ લોકો (વિપક્ષ) એટલે બૂમો પાડી રહ્યા છે કારણ કે તેઓ ધર્મના આધારે અનામત આપવા માગે છે અને અમે આવું થવા દઈશું નહીં.

પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી અમારી પાસે લગભગ ૪૦૦ સીટો હતી. અમે ૩૬૦ ની નજીક જીત્યા હતા. એનડીએની વાત કરીએ તો અમારી પાસે હંમેશા ૪૦૦ સીટો છે. સીટ જીત્યા બાદ બંધારણ બદલાય છે તેવી દલીલ ખોટી છે. આ પહેલા પીએમ મોદીએ એમ પણ કહ્યું હતું કે ચૂંટણીના ત્રણ તબક્કા બાદ ૪૦૦ને પાર કરવાનો નારા સાકાર થતો દેખાઈ રહ્યો છે. આ ચૂંટણીમાં ધર્મ આધારીત ભાષણોનું પ્રમાણ વધ્યુ છે, તેના પર પીએમ મોદીએ કહ્યુ કે કોંગ્રેસનો મેનિફેસ્ટો જુઓ, મનમોહનસિંહની સરકારનો ટ્રેક રેકોર્ડ જુઓ, તેમા માત્ર તુષ્ટિકરણની ભાવના જોવા મળશે. તુષ્ટિકરણ કોંગ્રેસનો મૂળ સ્વભાવ બની ગયો છે. તેના વિના રાજકારણ ચાલી શકે નહીં. પરંતુ દેશ સમક્ષ હકીકત અને તથ્યો લાવવાની મારી જવાબદારી છે. હું તેમના ભૂતકાળનો ટ્રેક રેકોર્ડ લોકોને જણાવી રહ્યો છુ. તેઓ કઈ વિચારણસરણી અંતર્ગત કામ કરે છે તે જાણવુ દેશ માટે જરૂરી છે.

આથી હું દેશ સમક્ષ હકીકત લાવી રહ્યો છુ.

### કુલ ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ ૧૦મું પાસ કર્યું

# CBSE બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું

## ત્રિવેન્દ્રમ પ્રદેશનું પરિણામ સૌથી વધુ ૯૯.૭૫ ટકા આવ્યું

નવી દિલ્હી, તા.૧૩

CBSE બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ CBSEની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈને અને રોલ નંબર દાખલ કરીને સ્કોરકાર્ડ ચકાસી શકે છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજે ધોરણ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. CBSE બોર્ડમાં કુલ ૯૩.૬૦ ટકા વિદ્યાર્થીઓએ ૧૦મું પાસ કર્યું છે. ૧૦મીની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી દેશભરમાં નિર્ધારિત કેન્દ્રો પર લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અહીં આપેલી સીધી લિંક પર રોલ નંબર દાખલ કરીને સ્કોરકાર્ડ ચકાસી શકે છે અને માર્કશીટ પણ ડાઉનલોડ કરી શકે છે.

ધોરણ ૧૦ CBSE નું પરિણામ સરેરાશ ૯૩.૬૦% પરિણામ આવ્યુ છે. ૨૨.૩૮ લાખ વિદ્યાથીઓએ આ પરીક્ષા આપી હતી. વિદ્યાથીઓ કરતા વિદ્યાર્થીનીઓએ આ પરીક્ષામાં બાજી મારી છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૭૧ જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૪.૭૫ % છે. CBSE ધોરણ ૧૦માં પણ ત્રિવેન્દ્રમ પ્રદેશનું પરિણામ સૌથી વધુ ૯૯.૭૫ ટકા આવ્યુ છે. આ પછી, વિજયવાડા ક્ષેત્રનું પરિણામ ૯૯.૬૦%, ચેન્નાઈ ક્ષેત્રનું ૯૯.૩૦%, બેંગલુરુ ક્ષેત્રનું ૯૯.૨૬% અને અજમેર ક્ષેત્રનું પરિણામ ૯૭.૧૦% નોંધાયું છે. જ્યારે ધોરણ ૧૦માં કુલ ૧૩૨૩૩૭ વિદ્યાર્થીઓને કમ્પાર્ટમેન્ટ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. CBSE દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ૧૦મી બોર્ડની પરીક્ષા ૨૦૨૫માં ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. વિગતવાર ટાઈમ ટેબલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. CBSઈ ધોરણ ૧૦માં વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓએ સારું પ્રદર્શન કર્યું છે.વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૪.૭૫ ટકા નોંધાયું છે. કુલ ૯૨.૭૧ ટકા વિદ્યાર્થી સફળ થયા છે. આ વખતે કુલ ૨૧૨૩૮૪ વિદ્યાર્થીઓએ ૯૦ ટકા અને તેથી વધુ ગુણ મેળવ્યા છે. કુલ ૪૭૯૮૩ વિદ્યાર્થીઓએ ૯૫ ટકા અને તેથી વધુ માર્કસ મેળવ્યા છે.

### ભર ઉનાળે રાજકોટવાસીઓ માટે સારા સમાચાર

# ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં હોવાનો મનપા કમિશનરનો દાવો

## આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૧૭.૧૯ ટકા પાણીનો જથ્થો છે સરદાર સરોવર ડેમમાં ૨૩.૫૦ ટકા પાણીનો જથ્થો છે

રાજકોટ, તા.૧૩

રાજકોટવાસીઓ માટે પાણીને લઈને સારા સમાચાર આવી રહ્યાં છે. આ ઉનાળામાં રાજકોટવાસીઓને પાણી કાપનો સામનો નહી કરવો પડે છે. રાજકોટ મનપા કમિશનરે દાવો કર્યો છે કે રાજકોટમાં આવેલા ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં છે.

ભર ઉનાળામાં ડેમમાંથી પાણી સુકાઈ રહ્યું છે. ત્યારે રાજકોટવાસીઓ માટે પાણીને લઈને સારા સમાચાર આવી રહ્યાં છે. આ ઉનાળામાં રાજકોટવાસીઓને પાણી કાપનો સામનો નહી કરવો પડે છે. રાજકોટ મનપા કમિશનરે દાવો કર્યો છે કે રાજકોટમાં આવેલા ડેમમાં પાણીનો જથ્થો પુરતો પ્રમાણમાં છે. સૌની યોજના દ્વારા આજી અને ન્યારી ડેમમાં પાણીનો પુરતા જથ્થો છે. ચોમાસા પહેલા જળ સંચયના સ્રોત વધારવામાં આવશે તેવી વિગત પ્રાપ્ત થઈ રહી છે.

ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૨૫.૨૭ ટકા પાણીનો જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૬.૬૬ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૩૮.૫૧ ટકા પાણીનો જથ્થો છે. તેમજ કચ્છના ૨૦ ડેમમાં ૨૭.૪૫ ટકા પાણીનો જથ્થો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૧૭.૧૯ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૨૩.૫૦ ટકા પાણીનો જથ્થો છે.

### મુંબઈમાં વાવાઝોડાએ મચાવી તબાહી

# મુંબઈમાં જોરદાર પવન સાથે વરસાદ પણ જોવા મળ્યો

## ધૂળની ડમરીના કારણે અનેક લોકોના મોત થયાના પણ અહેવાલ

મુંબઈ, તા.૧૩

બપોરે અચાનક મુંબઈમાં જોરદાર પવનો ફૂંકાવા લાગ્યા અને પછી કેટલીક જગ્યાએ વરસાદ પણ જોવા મળ્યો. આ ધૂળની ડમરીના કારણે અનેક લોકોના મોત થયાના પણ અહેવાલ છે.

છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે ગયા અઠવાડિયે રાયગઢ અને મરાઠવાડા માટે માર્ગદર્શિકા પણ જાહેર કરી હતી, પરંતુ આજે બપોરે અચાનક મુંબઈમાં જોરદાર પવનો ફૂંકાવા લાગ્યા અને પછી કેટલીક જગ્યાએ વરસાદ પણ જોવા મળ્યો. આ ધૂળની ડમરીના કારણે અનેક લોકોના મોત થયાના પણ અહેવાલ છે.

ANI અનુસાર, BMCએ જણાવ્યું છે કે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પંતનગરમાં ઘાટકોપર ઈસ્ટમાં પોલીસ ગ્રાઉન્ડ પેટ્રોલ પંપ પર એલ્યુમિનિયમનો શેડ તૂટી પડતાં ઓછામાં ઓછા ૭ લોકો ઘાયલ થયા છે. BMC શોધ અને બચાવ કામગીરી કરી રહી છે. તે જ સમયે, જોરદાર પવનને કારણે ઘણી જગ્યાએ મોટા બાંધકામો પડી ગયા છે. હવામાન વિભાગ પાસેથી મળેલી માહિતી મુજબ આગામી ૧ કલાક સુધી ૫૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાવાની સંભાવના છે અને કેટલાક ભાગોમાં વરસાદની પણ સંભાવના છે. તેની વધુ અસર થાણે અને પાલઘરમાં પણ જોવા મળશે. દરમિયાન, મુંબઈના ઘણા ભાગોમાં મોટી ઈમારતો ધરાશાયી થવાના અહેવાલો છે. મળતી માહિતી મુજબ વડલામાં બિલ્ડીંગની બહાર બનાવેલ લોખંડની સીડીઓ રોડ પર પડી ગઈ છે. તે જ સમયે, ઘાટકોપરના રમાબાઈમાં કેટલીક દુકાનો પર બિલ બોર્ડ પડી ગયા છે. આટલું જ નહીં, મુંબઈમાં આવેલા જોરદાર તોફાન અને તોફાનને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટોને અન્ય શહેરો તરફ વાળવામાં આવી છે. મુંબઈમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં ભારે પવનથી મોટું હોર્ડિંગ ધરાશાયી થયું હતું. આ ઘટના ઘાટકોપરના સમતા કોલોની રેલવે પેટ્રોલ પંપ પાસેની છે, જ્યાં આ મોટું હોર્ડિંગ્સ ધરાશાયી થતાં ૧૦૦થી વધુ લોકો દબાયા હતા. જેમાં ૩૫ લોકોને ઈજા પહોંચી હતી. હવામાન વિભાગે આગામી ૩-૪ કલાક દરમિયાન પાલઘર અને થાણે જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વીજળી અને મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

### મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હોવાનું સામે આવ્યું

# રાજકોટથી મનાલી ગયેલા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

## મનાલીમાં ચાલુ વરસાદે યુનિવર્સલ ક્લબના મેનેજર ૪૫ વિદ્યાર્થીઓને મૂકીને અન્ય બસમાં ચાલ્યા ગયા

રાજકોટ, તા.૧૩

રાજકોટથી મનાલી પ્રવાસમાં ગયેલા મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હોવાનું સામે આવ્યું છે. મનાલીમાં ચાલુ વરસાદે યુનિવર્સલ ક્લબના મેનેજર ૪૫ વિદ્યાર્થીઓને મૂકીને અન્ય બસમાં ચાલ્યા ગયા. બે કલાક સુધી વિદ્યાર્થીઓ સામાન સાથે વરસાદમાં પલળ્યા હતા. જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓ માંદા પડ્યા હતા અને બાદમાં બસ આવી ત્યારે તેમાંથી પણ પાણી ટપકતું રહ્યું, જેના કારણે વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા અને સૌરાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તાને આ વીડિયો મોકલી પોતાની સમસ્યા જણાવી હતી.

મહાત્મા ગાંધી સ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતા અભિ ગીરીશભાઈ વરસાણીનું કહેવું છે કે સ્કૂલમાંથી અમને ગત તા. ૪ના રાત્રે ટ્રેન મારફત કુલુ મનાલી પ્રવાસ માટે રાજકોટથી લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન મનાલીમાંથી વૈષ્ણોવદેવી મંદિરે જવા માટે ૨ બસમાં નીકળ્યા હતા. જેમાં પ્રથમ બસમાં ટુર્સ એજન્સીના મેનેજર નીકળી ગયા હતા. બાદમાં વરસાદ શરૂ થઈ ગયો તેમછતાં બસ ન આવી. જેના કારણે ૪૫ વિદ્યાર્થીઓ વરસામાં ભીંજાવા સાથે અમારો સામાન પણ પલળી ગયો.

વિદ્યાર્થીઓનું કહેવું છે કે અમે ૪૫ વિદ્યાર્થીઓ હોટલમાંથી નીકળી ગયા છતાં બસ આવી ન હતી.. ટુર એજન્સીના મેનેજર સાથે ન હતા.અચાનક ધોધમાર વરસાદ શરૂ થતા અમે તમામ વિદ્યાર્થીઓ વરસાદમાં પલળી ગયા અને અમારો સામાન પણ પલળી ગયો. અમુક વિદ્યાર્થીઓને ચક્કર આવવા લાગ્યા તો કેટલાકને ઉલ્ટી થઈ. જોકે, બાદમાં ૨ કલાક બાદ બસ આવી અને બાદમાં આ વિદ્યાર્થીઓ વૈષ્ણોદેવી મંદિરે દર્શન માટે પહોંચ્યા હતા.

બસ ન આવતા કારણે વિદ્યાર્થીઓ રસ્તામાં ફસાઈ ગયા હતા. તેના કારણે વિદ્યાર્થીઓના ભારે રોષ ફાટી નીકળ્યો હતો. અંતે, વિદ્યાર્થીઓએ પોતાની આ સમસ્યાનો લાઈવ વીડિયો મોબાઈલમાં બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો. જેમાં વિદ્યાર્થીઓ કહે છે કે, અહીં વરસતા વરસાદમાં તમામ વિદ્યાર્થીઓનો સામાન પલળી ગયો છે અને મેનેજમેન્ટના વ્યક્તિ અમને મૂકીને નીકળી ગયા છે. જેથી, તમે તમામ શાળાએ સરની ઓફિસમાં જજો. બાદમાં બસમાં લીકેજ હોવાને કારણે ત્યાં પણ પાણી પડતું હોવાથી વિદ્યાર્થીઓએ ભારે મુશ્કેલી ભોગવી હતી.


# ભારજ નદી પરનો પુલ બેસી જતા તંત્રએ કરોડોના ખર્ચે કામચલાઉ છલિયુ બનાવ્યું

છોટાઉદેપુર, તા.૧૩

રાજ્યના છેવાડે આવેલા છોટાઉદેપુર જિલ્લામાં અવારનવાર રોડ રસ્તાની સમસ્યા સામે આવતી રહે છે. પરંતુ અહીના જિલ્લા તંત્રને સ્થાનિકોની સમસ્યાની જાણે કંઈ પડી જ ન હોય તેમ નિંભર બની બેઠુ છે. છેલ્લા ૧૦ મહિનાથી ભારત નદી પરનો પૂલ બેસી ગયો છે ત્યારે હવે તંત્રએ નદી પર કામચલાઉ છલિયુ બનાવ્યુ છે.

વાયબ્રન્ટ ગુજરાતના વિકાસની વણથંભી ગતિ છોટાઉદેપુર આવતા સુધીમાં મંદ પડી જાય છે. રાજ્યના છેવાડે આવેલો આ એક એવો જિલ્લો છે કે અહીં પાયાની રોડ રસ્તા ગટર અને પીવાના પાણી માટે પણ લોકોએ મહિનાઓ અને કેટલાક કિસ્સામાં વર્ષો સુધી સંઘર્ષ કરવો પડે છે. અહીંના લોકોને વિકાસના મીઠા ફળ ચાખવા ભાગ્યે જ મળે છે. પીએમ મોદી જે ગેરંટીની વાત કરે છે એ પૈકીની અનેક ગેરંટી અહીં સુધી પહોંચી જ નથી. જેની પાછળ જવાબદાર છે અહીંનું નઘરોળ તંત્ર. છોટાઉદેપુરમાં પાવી જેતપુરમાં આવેલી ભારજ નદી પરનો પૂલ ગત ચોમાસા વખતનો બેસી ગયો છે અને ૧૦ મહિના વીતવા છતા પૂલનું કોઈ સમારકામ કરાયુ નથી. જેના કારણે લોકોને પારાવાર સમસ્યા ભોગવવી પડે છે. પૂલ ન હોવાથી લોકોને ૩૦ કિલોમીટરનો ચકરાવો લઈને ફરીને જવુ પડે છે જેમા સમય અને પૈસા બંનેનો વ્યય થાય છે.આ અંગે સેંકડો રજૂઆતો કર્યા બાદ આખરે તંત્ર કુંભકર્ણની નીંદ્રામાંથી બેઠુ થયુ અને ભારજ નદી પર ૨.૩૭ કરોડના ખર્ચે છલિયુ બનાવી દીધુ. તંત્રની નિયત લોકોની સમસ્યા દૂર કરવાની છે કે વધારવાની તે પણ સમજવુ મુશ્કેલ છે. જેટલો ખર્ચો પૂલ બનાવવામાં થાય એટલા ખર્ચે તંત્રએ કામચલાઉ ધોરણે નદી પર છલિયુ બનાવી દીધુ. હવે જ્યારે ચોમાસુ આવશે ત્યારે નદીના પાણી આ છલિયા પર ફરી વળશે અને લોકોને ફરી ૩૦ કિલોમીટરનો ચકરાવો લેવો પડશે. હવે સવાલ એ પણ ઉભો થાય છે કે મધ્ય પ્રદેશ અને છોટાઉદેપુરને જોડતા આ ડાયવર્ઝનનો ઉપયોગ માત્ર ચોમાસાનું પાણી નદીમાં આવે ત્યાં સુધી જ થઈ શકે તેમ છે. નદીમાં પાણી આવતાની સાથે જ આ રસ્તા પર નદીનું પાણી ફરી વળશે અને ફરી આ રસ્તો બંધ થઈ જતા ગ્રામજનોએ ફરી ૩૦ કિલોમીટરનો ચકરાવો લગાવવો પડશે. ત્યારે બે કરોડના ખર્ચે પણ સમસ્યાનો તો કોઈ નિવેડો તંત્ર દ્વારા લવાયો નથી અને અણઘડ વહીવટ દ્વારા કરોડોનું આંધણ કરી નાખ્યુ છે. તંત્રએ અહીં લાખના બાર હજાર કરી અક્કલનું પ્રદર્શન કર્યુ છે.

# કેળના પાન પર જમો અને જમાડો



શું તમે જાણો છો કે કેળાની પાનની અંદર વિશેષ એન્ટિ બેકટેરિયલ ગુણ હોય છે. આ પાન પર ભોજન કરવાથી જંતુઓથી મુકિત મળી જશે જેને કારણે તમે બિમાર નહિં પડો. વિજ્ઞાન અને હિદું ધર્મ અરસપરસ સંકળાયેલા છે. આ જ કારણે હિન્દુને ધર્મ ન માનતા કેટલીક વાર પરંપરાનું નામ આપી દેવામાં આવે છે. તમે કહી શકો છો કે હિદું ધર્મ એક વૈજ્ઞાનિક પરંપરાનું નામ છે. હિદું માન્યતામાં વિવિધ ધાતુઓથી બનેલા ભોજનનું મહત્વ દર્શાવવામાં આવ્યું પરંતુ આજકાલ આપણે વગર વિચાર્યે ધાતુના વાસણોની રસોઈમાં ઉપયોગ કરીએ છીએ જે આપણી લાઈફ પર નકારાત્મક અસર કરી શકે છે. જો કે દક્ષિણા ભારતમાં આજે પણ કેળાના પાંદડા પર ભોજન કરવાનો રિવાજ છે. કોઈ મોટી હોટેલમાં પણ કેળાના પાંદડા પર જ ભોજન સર્વ કરવામાં આવે છે.

કેળાના પાનને પ્રકૃતિનો આશીર્વાદ માનવામાં આવે છે. તેમાં ગ્રીન ટી જેવા જ ગુણ હોય છે. કેળાના પાન શરીરમાંથી ઝેરી તત્વોને બહાર ફેંકે છે. તે શરીરની રોગ પ્રતિકારક શકિત વધારે છે અને વ્યકિતને સ્વસ્થ જીવન જીવવામાં મદદરૂપ બને છે. કેળાના પાન પર કુદરતી રીતે જ વેકસ જેવું એક કોટિંગ હોય છે.

આ કોટિંગને કારણે ભોજનનો સ્વાદઅનકે ગણો વધી જાય છે. તમે પોતે અનુભવશો કે કેળના પાન પર ભોજન કરવાથી ભોજનનો કંઈક વધુ સરસ ટેસ્ટ આવશે. સૌથી મોટી વાત એ છે કે કેળાના પાન સંપૂર્ણરીતે ઈકોફ્રેન્ડલી છે. આના પર ભોજન કરવાથી તમારા કિચનમાં ગંદા વાસણ ભેગા નહિં થાય અને તમને આને બહાર ફેકવામાં નહિં થાય. તમે તેને જમીનમાંથી ડાટીને પ્રકૃતિની સેવા પણ કરી શકો છો એવું પણ માનવામાં આવે છે કે સાથે બેસીને કેળાના પત્ર પર ભોજન કરવાથી પરિવારના સદસ્યો એકબીજાની નજીક આવી જાય છે. આજકાલ સાથે બેસીને જમવાનો કોઈ ટાઈમ નથી હોતો. એવા સમયમાં કેળાના પાન પર સાથે બેસી જમવાથી પરિવારજનોમાં નિકટતા વધે છે. અઠવાડિયામાં એક વાર આ પ્રયોગ કરવા જેવો ખરો.

### પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન તળે

# અમરેલીનાં ગજેરા વિદ્યાસભા સંકુલ ખાતે સમર કેમ્પનું આયોજન થયું

## સરકારી શાળા, પોલીસ કેડેટ પ્રોજેકટ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



અમરેલી, તા.૧૩

પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના અને માર્ગદર્શન નીચે અમરેલી જીલ્લાની સરકારી શાળાના સ્ટુડન્ટ, પોલીસ કેડેટ પ્રોજેકટ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓ માટે તા.૯/૫ થી તા.૧૫/૫ દરમ્યાન શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા,અમરેલી ખાતે ''સમર કેમ્પ'' નું આયોજન કરવામાંઆવ્યુછે. આ કેમ્પમાંઅમરેલીના તાલુકા કક્ષાએ જે સરકારી શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ કાર્યરતછે. તેવી શાળાના વિદ્યાર્થી કુલ–૩૦૦ સાથે પોલીસ, શિક્ષકગણ પણ આ કેમ્પમાં જોડાયેલ છે.

આ ''સમર કેમ્પ''ના ટાઈમ–ટેબલ મુજબ ની દૈનિક પ્રવૃતિ કરાવવામાં આવે છે. જેમાં વહેલી સવારથી બાળકો પ્રભાતિયા સાથે વહેલા ઉઠી, સુર્યોદય નિહાળવું, બાદ ઝુમ્બા ડાન્સ, પરેડ, ગૃપ કવીઝ, બાળકો દ્વારા સ્વઅભિવ્યકિતી , ઉર્મિગીત, વિશિષ્ટ વ્યકિતઓનું ઉદબોધન, રોલ પ્લે, પ્રેરણાદાયક ફિલ્મ,મોક પાર્લામેન્ટ, રમત–ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ, સફારી પાર્ક વિઝીટ, પોલીસ હેડ કવાટર્સ અમરેલીની વિઝિટ જેમાં હથિયાર નિદર્શન, અશ્વદળ વિભાગની વિઝીટનું આયોજન કરવામાં આવેલ છે.

આ ''સમર કેમ્પ''માં બાળકો સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટના સમય–પત્રક મુજબની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ, હર્ષભેર આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

### રાજપથ ક્લબમાં ક્રિકેટ રમતી વખતે કાર્ડિયાક અરેસ્ટથી નિધન

# અમદાવાદના વેપારીનું ક્રિકેટ રમતાં-રમતાં હૃદયરોગના હુમલાથી મોત

અમદાવાદ, તા.૧૩

પાલડીના ૪૧ વર્ષીય વેપારીનું રવિવારે સવારે રાજપથ ક્લબમાં ક્રિકેટ રમતી વખતે કાર્ડિયાક અરેસ્ટથી નિધન થયું હતું. કર્ણાવતી ક્લબમાં ૬.૩૦ વાગ્યાની આસપાસ, કેટલાક લોકો ક્રિકેટ રમવા આવ્યા હતા. રમત ચાલુ હતી ત્યારે અભિષેક શાહ નામનો એક ખેલાડી રમતા રમતા પડી ગયો હતો. અન્ય ખેલાડીઓ તેમની પાસે દોડી આવ્યા હતા. ક્લબના મેડિકલ ઓફિસરને બોલાવવામાં આવ્યા હતા અને શાહની પત્ની, જે ક્લબમાં તેમના મોર્નિંગ વોક કરતા હતા, તેમને કટોકટી વિશે જાણ કરવામાં આવી હતી. ''અમે ક્લબમાં મેડિકલ ઓફિસરને બોલાવ્યા જ્યારે કેટલાક અન્ય લોકોએ કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન નો પ્રયાસ કર્યો. પરંતુ શાહને હોશ ન આવ્યો. એક EMRI ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, અને તેને ક્લબની પાછળની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ''એક અધિકારીએ જણાવ્યું હતું. હોસ્પિટલના અધિકા રીઓએ જણાવ્યું કે તપાસ બાદ તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ''તેમનો તબીબી ઈતિહાસ દર્શાવે છે કે લગભગ એક દાયકા પહેલા તેને નોન-હોજકિન લિમ્ફોમા , એક પ્રકારનું કેન્સર હતું જે રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે. પરંતુ તેમણે સફળતાપૂર્વક કેન્સરની સારવાર પૂરી કરી હતી. જ્યારે તેમને આ સિવાય કોઈ જાણીતી બીમારી ન હતી, ત્યારે તેનું વજન વધારે હતું. ઓટોપ્સી જ અન્ય પરિબળો પર પ્રકાશ પાડશે, જે કાર્ડિયાક અરેસ્ટ તરફ દોરી જાય છે, ''એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ક્લબમાં શાહ છેલ્લા ત્રણ વર્ષથી ક્રિકેટ રમતા હતા અને ક્લબમાં અન્ય ફિટનેસ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેતા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૦૨૩ ની શરૂઆતથી, યુવા વ્યક્તિઓમાં હૃદયરોગના હુમલા તબીબી સમુદાય માટે ચિંતાનો વિષય છે. મોટાભાગના કિસ્સાઓમાં, મૃત્યુ અચાનક થાય છે. અગાઉ, શહેરના કાર્ડિયોલોજિસ્ટ્સે ધ્યાન દોર્યું હતું કે જ્યારે આવી ઘટનાઓના વાયરલ વીડિયોએ લોકોને તેમના વિશે વધુ જાગૃત કર્યા છે, ત્યારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બિનઆરોગ્યપ્રદ આહાર અને કસરતનો અભાવ જેવા અનેક પરિબળોને કારણે હૃદયની બિમારીઓનો વ્યાપ વધ્યો છે.દરમિયાન, રાજપથ ક્લબ, જે તેના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી કરી રહી છે, તેણે તેમના સભ્યના અવસાનના પગલે રવિવારે તમામ કાર્યક્રમો રદ કર્યા. ક્લબના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ વિક્રમ શાહે જણાવ્યું હતું કે રવિવારે સુવર્ણ જયંતિની ઉજવણીનો લોગો લોન્ચ થવાનો હતો અને લગભગ ૪,૦૦૦ સભ્યો માટે ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. ''અમે આઘાત અને દુ:ખી છીએ. અમે આ મુશ્કેલ સમયમાં શાહના પરિવાર સાથે છીએ. ક્લબની તમામ ઈવેન્ટ્સ મુલતવી રાખવામાં આવી છે, ''એમ તેમણે જણાવ્યું હતું.

# અમરેલી સહકારીતાનુ ગ્રોથ એન્જિન



અમરેલી, તા. ૧૩

અમરેલી એટલે દિલીપ સંઘાણી અને સંઘાણી એટલે સાથ સહકાર સંઘાણીની ઓળખ સહકારિતા સાથે સમગ્ર દેશમાં જોડાયેલી છે. ત્યારે તેમનું સહકારિતાના ક્ષેત્રમાં પ્રદાન, પાવરફુલનેસ અને પ્રતિભાને નજર અંદાજ કરી શકાય તેમ નથી. તે ફરી એકવાર સાબિત થયું તેનો અમરેલી ગર્વ કરી શકે તેમ છે. દિલીપભાઈ એટલે દિલનો માણસ અને તેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમના સાંસદ કાળમાં તેમના નિવાસ સ્થાને સાથે રહેતાં હતાં એ વાત સર્વ વિદિત છે.તેના સંબંધો અમરેલીથી આલ્બેનીયા સુધી વિસ્તરેલાં છે.

દિલીપ સંઘાણી ભારતની સહકારીતા ક્ષેત્રે ચાલતી ખેડૂતોની સંસ્થા ઈફકોના ચેરમેનપદે પુનઃ એક વાર આરૂઢ થઈને એક એવો સંદેશો આપ્યો છે કે અહીં સક્ષમ લોકોને પોલિટિકલી સ્વીકારવા તે જ ઉતમ ગણાય. તેમને નજર અંદાજ કરીને થયેલા નિર્ણયો યોગ્યતાની દ્રષ્ટિએ ખોટા ઠેરવી પણ શકાય છે. દિલીપભાઈ સંઘાણીનું પ્રદાન રાજય સરકારના મંત્રી તરીકે અને સતત ચાર ટર્મ સુધી સંસદ સભ્ય તરીકે તેમની પીઢતા, પરિપક્વતા અને પબ્લિસિટીનો વિકલ્પ ન શોધી શકાય.

દિલીપ સંઘાણી ગુજકોમાસોલ જે ગુજરાતમાં માર્કેટિંગના ક્ષેત્રમાં કામ કરતી મહત્વની સહકારી સંસ્થા છે તેના પ્રમુખ તરીકે પણ કાર્યરત છે. તે સિવાય એક એવી સંસ્થા કે જે રાષ્ટ્રીય કક્ષાએ સહકારિતા આંદોલનને માર્ગદર્શન આપે છે તે ઈફકો તેના ચેરમેન તરીકે પણ તેમની ભૂમિકા છેલ્લા પાંચ વર્ષથી મહત્વની બની રહી છે. નેનો ખાતરની શોધ અને ઉત્પાદનને ભારતીય કૃષિ ક્રાંતિ તરીકે જોઈ શકાય. ત્યારે તાજેતરમાં થયેલી ઈફકોની ચૂંટણીમાં ગુજરાત અને ગુજરાત બહાર પણ દિલીપભાઈએ પોતાની કુનેહ અને કુશળતાથી ફરી એકવાર ચેરમેન પદ હાંસલ કરીને પોતાનો સિક્કો અવ્વલ સાબિત કર્યો છે.

દિલીપભાઈ ના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે અને તેમના ઈફકોમા ફતેહ થવાના પ્રસંગને સાથે લઈને સમગ્ર ગુજરાતના રાજકીય, સામાજિક, સહકારી આગેવાનોએ એક કાર્યક્રમનું અમરેલીમા આયોજન થયું. તેને કેટલાક મીડિયાએ શકિપ્રદર્શનના નામે ઓળખાવાનો પ્રયત્ન કર્યો.પરંતુ વાસ્તવમાં દિલીપભાઈ સને ૧૯૭૫થી હિન્દુ મહાસભા અને જનસંઘથી રાષ્ટ્રવાદી વિચારસરણીના રંગે રંગાયેલા અને અનેક ચઢાવ ઉતારના સાક્ષી છે તેથી તેના નિર્ણયને જુદી રીતે જોવો અયોગ્ય ગણાય કારણ કે પક્ષીય માળખામાં રહીને તેમણે સવારમાં જિલ્લા શહેર ભાજપ નેતૃત્વમા અભિવાદનનો સ્વીકાર કર્યો.બપોર પછીનાં કાર્યક્રમો તેમના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે સામાજિક સ્વેચ્છિક સંસ્થાઓ અને જ્ઞાતિ મંડળોએ ઉજવણી કરી. તેમાં કોઈને પડકારવાની વાત ન હતી. જયેશ રાદડિયાના કિસ્સામાં સહકારીતાના ક્ષેત્રમાં કોઈ મેન્ડેડ આપવાનો હોતો નથી. કારણ કે આ ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી હોતી નથી. પરંતુ સહકારીતાના ક્ષેત્રમાં કોનું કેટલું પ્રદાન અને સંબંધો એ બાબતને પ્રાથમિકતા અપાતી હોય છે. તેથી જયેશભાઈ રાદડિયા આ કારણે જ ચૂંટાયા છે તેનો અર્થ એવો નથી કરી શકાય કે જયેશભાઈનું ચુટાવું ભાજપથી કોઈ



તખુભાઈ સાંડસુર

અલગ દ્રષ્ટિકોણ હોય! પણ ભારતીય જનતા પાર્ટી માટે તે ગેરવ રૂપ બાબત છે તેથી આ ઘટનાને અલગ રીતે જોવી તે સમગ્ર સહકારી માળખું અને જયેશભાઈના વ્યક્તિત્વને અન્યાય કરવા બરાબર છે.

સમગ્ર દેશમાંથી ઈફકોના ૨૧ જેટલા સભ્યોના બોર્ડમાં એક મહિલા સહિત કુલ સાત સભ્યોને ચૂંટણી થઈ હતી. બાકીના ૧૪ બોર્ડ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતાં.તેમાં ગુજરાતની એક સીટની ચૂંટણી થઈ હતી જેમાં જયેશ રાદડિયાએ પ્રથમ ફોર્મ ભર્યું હતું અને બીપીન પટેલ નું ફોર્મ પછીથી આવ્યો અને તેને ભાજપનું સમર્થન છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે સમર્થન વ્યક્ગિત રીતે હતું. વ્યક્ગિત સમર્થનને સમગ્ર પક્ષ સાથે જોડી શકાય નહીં અને તેથી જયેશ રાદડિયા પોતાના જનાધાર થી ચૂંટાઈ આવ્યા.દિલીપ સંઘાણીના સફળ સહકારી નેતૃત્વના કારણે અમરેલી જિલ્લામાં ડેરી ઉદ્યોગ પશુદાણ ઉદ્યોગ અને શરાફી સહકારી મંડળીઓ વગેરેને ખૂબ બળ અને તાકાત મળી છે અને સમગ્ર અમરેલી જિલ્લાની વેપાર વાણિજય વગેરે પ્રવૃત્તિમાં સહકારી પ્રવૃત્તિ ખૂબ જ ઉમદા રીતે પોતાની સકારાત્મક ભૂમિકા અદા કરતી રહી છે. રાજય અને રાષ્ટ્ર માટે આ પ્રકારના નેતૃત્વનો ઉપયોગ કરીને અસમર્થ લોકોને વધુ તક મળે તે ખૂબ જરૂરી છે.

### વિદ્યાર્થી નેતા પાર્થિવ જોશી દ્વારા

# ગ્રાન્ટેડ અને સરકારી યુનીવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા ઝડપી કરવા રજુઆત કરાઈ

## ઉચ્ચ શિક્ષણ વિભાગને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૩

હાલ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ–૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પરિણામો જાહેર થતા વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે સરકાર દ્વારા નિયત કરેલ પોર્ટલ ઉપર અરજીઓ કરેલ છે પણ એમનું મેરીટ તૈયાર કરવાની તારીખને હજુ ઘણી વાર હોઈ જેથી વિદ્યાર્થીઓ ને પ્રવેશ મળ



શે નહીં મળે એવા પ્રશ્નો સતાવતા હોવાથી વાલીઓ ખાનગી યુનિવર્સિટીમાં પ્રવેશ માટે દોડતા નજરે પડે છે, જેથી આ સેન્ટ્રલી પ્રવેશ પ્રક્રિયા ઝડપથી આગળ વધારવામાં આવે અથવા તો ખાનગી યુનિવર્સિટીને આ પોર્ટલ અંતર્ગત આવરી લેવામાં આવે એવી રજુઆત વિદ્યાર્થી નેતા પાર્થિવ જોશી દ્વારા ગુજરાત ઉચ્ચ શિક્ષણ મંત્રાલયને કરવામાં આવેલ છે.

### લોકસભા ચૂંટણીમાં રોકડનું વિતરણ

# આંધ્રપ્રદેશમાં ચૂંટણી દરમિયાન મતદારોને ૧ રૂ.થી લઈને ૫,૦૦૦ રૂ. સુધીની રોકડ વહેંચવાના આરોપ

## લોકોએ નેતાઓ પાસેથી પૈસાની માંગ કરવાનું શરૂ કર્યું, જે તેમને વોટના બદલામાં આપવાનું કહેવામાં આવ્યું

આંધ્રપ્રદેશ, તા.૧૩

લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે. આ લોકશાહીનું પર્વ છે. પણ લોકશાહીના પર્વમાં થઈ રહ્યું છે લોકશાહીનું હનન. ગુજરાતમાં મતદાનના દિવસે એક સ્થળે ભાજપના નેતાના પુત્રએ બૂથ કેપ્ચર કરીને વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. ત્યાર બાદ તેની સામે નાની મોટી કાર્યવાહી તો કરવામાં આવી પણ આ બધુ ક્યારે બંધ થશે એ મોટો સવાલ છે. આજે ચોથા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ત્યારે વોટિંગ પહેલાં જ વિવિધ વિસ્તારોમાં અરાજકતા જોવા મળી. ખાસ કરીને રીતસર મતનો ભાવ બોલાઈ રહ્યો હતો અને એક વોટના બદલામાં એક હજાર રૂપિયાથી લઈને ૫ હજાર રૂપિયા સુધી રોકડા આપવામાં આવતા હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. વોટ માટે રોકડા રૂપિયાની રેલમછેલ

આંધ્રપ્રદેશ લોકસભા ચૂંટણીમાં આ ઘટના સામે આવી છે. લોકશાહીનું ખુન કરીને કેટલાંક લાલચુ રાજનેતાઓએ અને કેટલાંક ભ્રષ્ટાચારીઓએ ભેગા મળીને તેને ધંધો બનાવી દીધો છે. ત્યારે એક જ ગીત સામે આવે છેકે, ગંદા હૈ પણ આ ધંધા હૈ.ચૂંટણી વખતે પણ લોકો આ ગીતને યાદ કરે છે. આંધ્રપ્રદેશમાં ચૂંટણી દરમિયાન મતદારોને ૧ રૂપિયાથી લઈને ૫,૦૦૦ રૂપિયા સુધીની રોકડ વહેંચવાના આરોપો લાગ્યા છે. આ ખુલાસો ત્યારે થયો જ્યારે કેટલાક સ્થળોએ લોકો મતદાન પહેલા જ રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેણે કહ્યું કે જો બધાને પૈસા મળ્યા તો કેમ ન મળ્યા.

આજે મતદાનના થોડા કલાકો પહેલા, આંધ્રપ્રદેશમાં ઓછામાં ઓછા પાંચ સ્થળોએ ભારે હોબાળો થયો હતો. લોકોએ નેતાઓ પાસેથી પૈસાની માંગ કરવાનું શરૂ કર્યું, જે તેમને વોટના બદલામાં આપવાનું કહેવામાં આવ્યું. જો કે આ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને ખોટું છે પરંતુ આ રાજ્ય માટે તે કંઈ નવું નથી. રસપ્રદ વાત એ છે કે મોંઘવારી વધતાં એક મતની કિંમત પણ વધી. આજે રાજ્યમાં લોકસભાની ૨૫ અને વિધાનસભાની ૧૭૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. અગાઉ શનિવારે પ્રચારનો ઘોંઘાટ બંધ થઈ ગયો હતો પરંતુ કેટલીક જગ્યાએ કથિત રીતે પૈસાની વહેંચણીનો ખેલ ચાલુ રહ્યો હતો. પલનાડુના સત્તેનાપલ્લીમાં ૧૮મા વોર્ડના મતદારો રસ્તા પર ઉતરી આવ્યા અને હંગામો મચાવ્યો. તેણે દાવો કર્યો હતો કે તેને પૈસા આપવાનું વચન આપવામાં આવ્યું હતું પરંતુ હજુ સુધી તે મળ્યા નથી. આવું જ દ્રશ્ય પીઠાપુરમમાં જોવા મળ્યું હતું. ઉમેદવારની ઓફિસ પાસે મતદારોની ભીડ જામી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે પાર્ટી સમર્થકોએ દરેક મતદારને ૫,૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું પરંતુ કેટલીક મહિલાઓને હજુ સુધી પૈસા મળ્યા નથી. આના વિરોધમાં દેખાવો શરૂ થયા. પરિસ્થિતિ એટલી વધી ગઈ કે પોલીસે દરમિયાનગીરી કરીને લોકોને વિખેરવા પડ્યા.ઓંગોલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે એક વોટના બદલામાં ૫,૦૦૦ રૂપિયા વહેંચવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક લોકોને છોડી દેવામાં આવ્યા તો તેઓએ વિરોધ શરૂ કર્યો. પૂર્વ ગોદાવરી જિલ્લાના કોંડેવરમ ગામમાં વિરોધ પ્રદર્શન થયું. કેટલાક લોકોનો આરોપ છે કે બધાને પૈસા મળ્યા પણ તેઓ પાછળ રહી ગયા. વિજયવાડામાં પણ રોકડની વહેંચણીના આક્ષેપો થયા હતા. અહેવાલ મુજબ, એક MLA ઉમેદવારે તેના નજીકના મિત્રને વોટ માટે ૧૦૦૦ રૂપિયા વહેંચવા મોકલ્યા હતા. જે ઉમેદવારો પાસે ઓફિસ નથી તેઓ વતી લોકોને એક જગ્યાએ ભેગા થવા અને ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાનું વિતરણ કરવા જણાવાયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ વખતે પાર્ટીઓમાં પણ સ્પર્ધા જોવા મળી હતી. વિરોધીઓએ ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા વધુ વહેંચ્યા હોવાનું જાણવા મળતા કેટલાક નેતાઓની મુશ્કેલી પણ વધી ગઈ હતી. શહેરી મતદારોના જૂથો જેમ કે વેલ્ફેર કમિટી, એપાર્ટમેન્ટના રહેવાસીઓએ નવા જનરેટર, સોલાર પાવર, વધારાના જનરેટર જેવી વસ્તુઓની પણ માંગણી કરી હતી.

## આધુનિક ટેકનોલોજીનાં યુગમાં પીજીવીસીએલ નિયમિત વીજળી પહોંચાડી શકતુ નથી

# પરેશાની : વડિયામાં લો–વોલ્ટેજની સમસ્યાથી ગામજનોમાં નારાજગી

**પાવર વધ–ઘટનાં કારણે વીજ ઉપકરણોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થવાની ફરિયાદ**

**૧૧ કેવી લાઈન નજીક ગાંડા બાવળનું સામ્રાજ્ય ફેલાયુ હોય પીજીવીસીએલને દુર કરવાની ચિંતા નથી**

**થોડા દિવસો પહેલા પીજીવીસીએલનાં પાપે ગ્રામ પંચાયતની ૨૯૦ જેટલી એલઈડી બળી ગઈ**

**પીજીવીસીએલનાં ઉચ્ચ અધિકારીઓ આળશ ખંખેરી સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ**

વડિયા, તા.૧૩

વડિયામાં છેલ્લા ઘણા વર્ષોથી લો વોલ્ટેજનો પ્રશ્ન છે. ઉનાળો આવતા જ સુરગપરા વિસ્તારમાં વસવાટ કરતા લોકોના ઘરોમાં બપોર અને રાતના સમયે પંખા, એસી કામ જ ના કરતા હોય તેવી સ્થિતિનુ નિર્માણ થાય છે. ત્યારે અગાવ પણ વડિયા ગ્રામ પંચાયત દ્વારા આ બાબતે રજુઆત કરાઈ હતી અને નાયબ ઈજનેરનો ઉધડો લઈ ખખડાવ્યા હતા ત્યાર બાદ થોડી કામગીરી આ જાડી ચામડીના અધિકારીઓ દ્વારા કરાઈ હતી હાલ ફરી એ જ પ્રશ્ન ઉપસ્થિત થયો છે ત્યારે સોલાર પેનલ લેનારા પોતાનો પાવર પણ વાપરી શકતા ના હોવાથી અનેક ફરિયાદો આવતી જોવા મળી છે તો એક જાગૃત નાગરિક દ્વારા આ બાબતે તાલુકા સંકલનમાં ફરિયાદ કરતા લેખિત ખાત્રી આપનાર નાયબ ઈજનેર હજુ પણ કોઈ ઉકેલ લાવી શકયા નથી. હાલ વડિયાના પ્રથમ નાગરિક એવા સરપંચ મનીષભાઈ ઢોલરીયાના અવાજમાં ચારણીયા રોડ પર ઈલેવન કેવી લાઈન નીચા આવેલા ટીસીમાં ગાંડા બાવળમાં અડ્ડા સમાન બની ચૂકેલા ટીસી અને લો વોલ્ટેજના કારણે અનેક લોકોના વીજ ઉપકરણ બળી જવા બાબતે પીજીવીસીલના તંત્રની ઘોર બેદરકારી



બાબતે એક વિડિઓ વાઈરલ થયો છે. ત્યારે અનેક નિર્દોષ લોકોના વીજ ઉપકરણ બળવાનો અને લો વોલ્ટેજની વીજ સમસ્યાનો અંત લાવવા હવે અવાજ ઉઠાવી વડિયાના લોકોની લો વોલ્ટેજ બાબતે પીજીવીસીલના કર્મચારીનો કાન આમળે છે કે અંધેરી નગરીને ગંડુ રાજા જેવી સ્થિતિ સબ સલામત હે જેવો ઘાટ જોવા મળશે તે તો આવનારો સમય જ બતાવશે.

---

### વડિયા–કુંકાવાવનાં સહકારી આગેવાનો દ્વારા

## કુંકાવાવ ખાતે દિલીપ સંઘાણીનાં જન્મદિનની સેવા કાર્યો દ્વારા પ્રેરણાદાયી ઉજવણી કરાઈ

**નેત્રનિદાન કેમ્પ, ભિક્ષુકોને ભોજન સહિતનાં સેવા કાર્યો યોજાયા**

કુંકાવાવ, તા. ૧૩

કુંકાવાવ તેમજ વડીયા ખાતે અમરેલીનાં રતન એવા દિલીપભાઈ સંઘાણીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા જેમા કુંકાવાવા ખાતે રામરોટી ઘરમાં તમામ ભીક્ષુકોને જમાડવામાં આવ્યા તેમજ પછાત વિસ્તારમાં ગરીબ બાળકોને બીસ્કીટ વેફર આપવામાં આવ્યા હતા જયારે વડીયા ખાતે નેત્ર નિદાન કેમ્પ સહિતના સેવા કાર્યો કરવામાં આવ્યા હતા.

આમ દિલીપભાઈ સંઘાણી ના જન્મ દિવસ નીમીતે તેમના સમર્થકો તેમજ સહકારી ,રાજકીય આગેવાનો દ્વારા ઉજવણી કરીને દિલીપભાઈ સંઘાણીને ભગવાન લાંબુ અને નીરોગી જીવન આપે તેવી પ્રાર્થના સાથે સેવા કાર્યો



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કરવામાં આવ્યા હતા.

જેમા વડીયા ખાતે પુર્વ કેબીનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડ, જી.પં. સદસ્ય વિપુલભાઈ રાંક તેમજ કુંકાવાવ ખાતે જીતેન્દ્ર દવે, યોગેશ દવે, કિશોરભાઈ ધાધલ સહિતના સમર્થકો આગેવાઓ હાજરી આપી હતી અને આ સેવા કાર્યમાં સહકાર આપીને જોડાયા હતા.

---

### દિવાલ, છાપરી, ઘાસચારાને નુકસાન

## અમરેલીનાં નાના માચીયાળા બાયપાસ માર્ગ ઉપર ગૌ–શાળાને વાવાઝોડાથી નુકસાન

**જવાબદાર વિભાગ આર્થિક સહાય કરે તેવી માંગ**

અમરેલી, તા. ૧૩


અમરેલીનાં નાના માચીયાળા બાયપાસ માર્ગ ઉપર ગૌ–શાળાને વાવાઝોડાથી વ્યાપક નુકસાન થયું હોય સરકાર તરફથી આર્થિક સહાયક રવામાં આવે તે જરૂરી છે.

અમરેલી પંથકમાં આજે ભારે પવન, વીજળીનાં કડાકા–ભડાકા સાથે કમૌસમી વરસાદનું આગમન થતાં અમરેલીના બાયપાસ માર્ગ ઉપર નાના માચીયાળા નજીક આવેલ ગૌશાળાની દિવાલ, છાપરી ધરાશાયી થયા અને ઘાસચારાને નુકસાન થયું હોય સરકાર તરફથી આર્થિક મદદ મળે તેવી માંગ થઈ છે.



---

## બગસરા : ખાન ખીજડીયા ગામે ટીટોડીએ ધાબા ઉપર ઈંડા મુકયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા તાલુકાના ખારી પાસે આવેલ ખીજડીયા ગામે ટીટોડીએ બે માળના ધાબાની ટોચ ઉમ પર ઈંડા મુકતા અનેક તર્ક કવિતર આ વર્ષે પણ સારા વરસાદ થવાના એંધાણ જોવા મળ્યા જે તસવીરમાં નજરે પડે છે.

---


### સંકુલ KG થી ધો. ૧૨ – ગુજરાતી મિડીયમ ફી 24–25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| નર્સરી KG 1-2 | ૧૬૦૦ | ધો. ૧૧–૧૨ કોમર્સ | ૪૬૦૦ |
| ધો. ૧ થી ૫ | ૨૬૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ | ૧૨૯૦૦ |
| ધો. ૬ થી ૮ | ૩૧૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| ધો. ૯–૧૦ | ૩૭૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| ધો. ૧૧–૧૨ આર્ટસ | ૪૨૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

-Ad 024



### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન ખરીદનાર **ટીબડીયા વિઠ્ઠલભાઈ વાલજીભાઈ** રહે, ખોડિયાર કૃપા, ત્રિવેણી સોસાયટી, ૨/અ, સંત કબીર રોડ–રાજકોટ અને **ટીબડીયા દિનેશભાઈ વાલજીભાઈ** રહે. ખોડિયાર કૃપા, કનકનગર સોસાયટી ૨/અ, સંત કબીર રોડ–રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતા ને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **સમઢીયાળા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **ટીબડીયા વિઠ્ઠલભાઈ વાલજીભાઈ** ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | નરેશભાઈ રાવતભાઈ | ૪૬૯ | ૩૧૭/ પૈકી૧/પૈકી ૧ | ૨–૩૪–૬૨ |
| ૨ | પ્રભાતભાઈ રાવતભાઈ | ૪૭૦ | ૩૧૭/ પૈકી૧/પૈકી ૨ | ૨–૭૫–૧૯ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો ની અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **શ્રી ટીંબડીયા વિઠ્ઠલભાઈ વાલજીભાઈ** અને **શ્રી ટીંબડીયા દિનેશભાઈ વાલજીભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારા અસીલ**

**સ્થળ :**– બાબરા — **શ્રી ટીબડીયા વિઠ્ઠલભાઈ વાલજીભાઈ અને**

**તા :**– ૧૩–૦૫–૨૦૨૪ — **શ્રી ટીબડીયા દિનેશભાઈ વાલજીભાઈની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**

(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)

નાગનાથ કોમ્પ્લેક્ષ શોપ નં. ૧૪

મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬



### સંકુલ KG થી ધો. ૧૨ – ઇંગ્લીશ મિડીયમ ફી 24–25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| નર્સરી KG 1-2 | ૨૯૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૧૨૯૦૦ |
| ધો. ૧ થી ૫ GSEB | ૩૮૦૦ | ધો. ૧ થી ૫ ICSE | ૪૫૦૦ |
| ધો. ૬ થી ૮ GSEB | ૪૬૦૦ | ધો. ૬ થી ૮ ICSE | ૫૫૦૦ |
| ધો. ૯–૧૦ GSEB | ૫૫૦૦ | ધો. ૯–૧૦ ICSE | ૬૫૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૬૯૦૦ | ધો. ૧ થી ૧૦ CBSE | પ્રોસેસ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

-Ad 023


---

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૩ | ૧૪૬૯ |
| ૨ | ચણા | ૧૧૮૧ | ૧૨૨૦ |
| ૩ | જુવાર સફેદ | ૬૯૦ | ૬૯૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૮૫ | ૨૬૮૫ |
| ૫ | ઘઉં | ૪૩૫ | ૫૧૧ |
| ૬ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૭ | તુવેર | ૧૫૭૫ | ૧૬૫૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૨૭૬ |
| ૨ | શિંગ મોટી | ૯૬૩ | ૧૨૪૯ |
| ૩ | શિંગદાણા | ૧૬૮૪ | ૧૬૯૧ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૧૬ | ૧૬૬૪ |
| ૫ | તલ સફેદ | ૧૯૨૫ | ૩૦૮૫ |
| ૬ | તલ કાળા | ૨૨૯૧ | ૩૨૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૦૩ | ૨૯૮૯ |
| ૮ | બાજરો | ૩૧૧ | ૪૫૬ |
| ૯ | જુવાર | ૪૨૬ | ૭૫૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૩૫ | ૬૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૧ | ૫૯૭ |
| ૧૨ | મકાઈ | ૩૪૫ | ૩૫૦ |
| ૧૩ | મગ | ૧૩૦૦ | ૧૯૬૦ |
| ૧૪ | અડદ | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૧૫ | ચણા | ૮૮૦ | ૧૨૧૭ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૪૧ | ૧૧૯૫ |
| ૧૭ | તુવેર | ૧૩૦૦ | ૨૦૩૫ |
| ૧૮ | કપાસ | ૯૩૯ | ૧૫૧૮ |
| ૧૯ | એરંડા | ૭૫૫ | ૧૦૬૩ |
| ૨૦ | જીરૂ | ૨૯૦૦ | ૫૨૬૦ |
| ૨૧ | રાયડો | ૯૬૫ | ૯૯૫ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૨૩ | ધાણી | ૧૧૫૫ | ૧૮૦૦ |
| ૨૪ | અજમા | ૧૯૩૦ | ૨૪૦૦ |
| ૨૫ | મેથી | ૭૫૦ | ૧૦૦૫ |
| ૨૬ | સોયાબીન | ૭૫૦ | ૮૩૨ |
| ૨૭ | મરચા લાંબા | ૬૨૦ | ૨૭૧૦ |
| ૨૮ | વરીયાળી | ૬૦૦ | ૧૪૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૨૦ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૫૧ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૦૫૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૫૪૬૦ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૫૨૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૬૭૭ |
| ૧૨ | મગ | ૧૫૫૧ | ૧૮૦૧ |
| ૧૩ | છોલે ચણા | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ૧૪ | ચણા | ૧૧૮૦ | ૧૨૫૧ |
| ૧૫ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૦૫ |
| ૧૬ | તુવેર | ૧૫૭૫ | ૧૯૦૦ |
| ૧૭ | એરંડી | ૯૫૦ | ૧૦૭૯ |
| ૧૮ | મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૧૦૧ | – |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૫૦ | ૮૭૫ |
| ૨૨ | વાલ | ૨૦૦૦ | ૨૦૬૬ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૫ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં | ૩૮૦ | ૫૧૪ |
| ૩ | ચણા | ૧૧૬૧ | ૧૨૦૦ |
| ૪ | તલ | ૨૬૫૦ | ૨૬૫૦૦ |
| ૫ | ધાણા | ૧૨૩૦ | ૧૩૦૮ |
| ૬ | એરંડા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૮ | મગ | ૧૬૯૫ | ૧૭૪૯ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૦૯૦ | ૧૧૫૦ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૧૧૪૪ | ૧૨૩૬ |
| ૫ | જીરૂ | ૩૮૩૦ | ૫૪૦૦ |
| ૬ | જુવાર સફેદ | ૫૫૫ | ૭૦૫ |
| ૭ | એરંડા | ૯૫૮ | ૧૦૧૨ |
| ૮ | મગ | ૧૪૧૦ | ૧૯૦૦ |
| ૯ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૮૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૦૫ |
| ૨ | ચણા | ૯૪૦ | ૧૧૮૦ |
| ૩ | ધાણા | ૧૦૧૫ | ૧૩૪૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૨ | ૫૨૧ |
| ૬ | મગ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૭ | તુવેર | ૧૨૨૦ | ૧૭૦૧ |
| ૮ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૯૨૫ |
| ૯ | ચણા સફેદ | ૧૨૪૭ | ૧૨૪૦ |
| ૧૦ | મગફળી | ૯૯૫ | ૧૨૧૫ |
| ૧૧ | મકાઈ | ૪૦૬ | ૪૫૦ |
| ૧૨ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | એરંડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૧૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૭૨ |
| ૧૫ | જીરૂ | ૩૪૨૦ | ૪૯૦૫ |
| ૧૬ | મેથી | ૮૧૫ | ૯૦૦ |
| ૧૭ | જુવાર | ૩૦૦ | ૩૭૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૬૦ | ૨૮૫૦ |
| ૩ | તલ પીળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૪ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| ૭ | જુવાર | ૪૨૫ | ૮૩૦ |
| ૮ | મેથી | ૬૫૦ | ૯૦૦ |
| ૯ | અડદ | ૧૮૫૧ | ૧૮૫૦ |
| ૧૦ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| ૧૨ | જીરૂ | ૪૨૭૫ | ૪૭૦૦ |
| ૧૩ | એરંડી | ૯૫૦ | ૧૦૩૦ |
| ૧૪ | ધાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

